مؤسسة الشيخ
محمد بن صالح العثيمين الخيرية
رحمه الله تعالى

# સ્ત્રીઓના પ્રાકૃતિક લોહી વિષે પુસ્તિકા

ફઝિલતુસ્શૈખ અલ્લામા

**મુહમ્મદ બિન સાલેહ અલ્-ઉષૈમીન**

અલ્લાહ તેમની, તેમના માતા પિતાની અને દરેક મુસલમાનોની મગફિરત કરે

شركاء التنفيذ

جمعية
خدمة المحتوى الإسلامي
باللغات

# સ્ત્રીઓના પ્રાકૃતિક લોહી વિષે પુસ્તિકા

ફઝિલતુસ્શૈખ અલ્લામા

**મુહમ્મદ બિન સાલેહ અલ્-ઉષૈમીન**

અલ્લાહ તેમની, તેમના માતા પિતાની અને દરેક મુસલમાનોની મગફિરત કરે

# સ્ત્રીઓના આવતાં પ્રાકૃતિક લોહી વિષે પુસ્તિકા

ફઝિલતુસ્શૈખ અલ્લામા

મુહમ્મદ બિન સાલેહ અલ્-ઉષૈમીન

અલ્લાહ તેમની, તેમના માતા પિતાની અને દરેક મુસલમાનોની મગફિરત કરે

*

(શરૂ કરું છું) અલ્લાહના નામથી જે અત્યંત દયાળુ અને કૃપાળુ છે)

દરેક પ્રકારના વખાણ ફક્ત અલ્લાહ માટે જ છે, અમે તેની જ પ્રશંશા કરીએ છીએ, તેનાથીજ મદદ માંગીએ છીએ, તેની જ માફી માંગીએ છીએ અને તેની તરફ જ પાછા ફરીએ છીએ, અને પોતાના નફસ અને કાર્યોની બુરાઈ થી પનાહ માંગીએ છીએ. જેને અલ્લાહએ હિદાયત આપી તેને કોઈ ગુમરાહ નથી કરી શકતું, અને જેને અલ્લાહ ગુમરાહ કરી દે તેને કોઈ હિદાયત આપી શકતું નથી, અને હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ઇબાદતને લાયક નથી અને તેનો કોઈ ભાગીદાર નથી, અને ગવાહી આપું છું કે મુહમ્મદ તેના બંદા અને રસૂલ છે, દરૂદ અને સલામતી ઉતરે, તેમના પર અને આલોઅસહાબ (સાથીદારો) પર અને જેણે કયામત સુધી તેમનું સારી રીતે અનુસરણ કર્યું.

**અમ્માબાદ**:

ખરેખર સ્ત્રીઓમાં જે હૈઝ(માસિક ધર્મ), ઇસ્તિહાઝહ (Undue Menses વધુ પડતા રક્તસ્ત્રાવ) અને નિફાસનું લોહી (પ્રસૂતિ પછી થતો રક્તસ્ત્રાવ) હોય છે, તે એવી અગત્યની બાબતોમાંથી છે, જેનું વર્ણન કરવા અને જેના આદેશોની ઓળખ કરવી અને જેમાં આલિમોના મંતવ્યો માંથી ખોટા

મંતવ્યોને અલગ કરવાની જરૂરત લાગી રહી છે, તો આ વિશે જેમના મંતવ્યને સાચો અથવા જેમના મંતવ્યને ખોટો કહેવામાં આવશે, તેનો આધાર કુરઆન અને હદીષ પર છે,

૧- કારણકે આ જ બન્ને મુખ્ય સ્ત્રોત છે, જેના પર અલ્લાહના આવા આદેશોનો આધાર હોય છે, જેના દ્વારા અલ્લાહે પોતાના બંદાઓને પોતાની ઇબાદત નું હુકમ આપ્યો છે અને તેમને તેનું પાબંદ કર્યું છે.

૨- એવી જ રીતે કુરઆન અને સુન્નત પર ભરોસો કરવાથી દિલને શાંતિ અને રાહત મળે છે તથા નફસને ખુશી મળે છે અને બંદા ઉપર ની જવાબદારી પુરી પાડે છે.

૩- અને એવી જ રીતે (કુરઆન અને સુન્નત) સિવા જે બીજા સ્ત્રોત છે, તેને ખુદને દલીલ ની જરૂર હોય છે જેથી તે પોતે દલીલ બની શકતા નથી .

કારણકે પુરાવા તો આપણી પાસે ફક્ત બે જ છે, એક કુરઆન અને બીજું હદીષ, અને એવી જ રીતે સહાબાઓના આદેશો જો તે કુરઆન અને સુન્નત વિરુદ્ધ હશે તો પછી કુરઆન અને સુન્નત પ્રમાણે અમલ કરવો જરૂરી થઈ જશે, અને બીજા સહાબીની વાત તેની વિરુદ્ધ હોય તો પછી બન્નેમાં પ્રાથમિકતા જોવી પડશે, અને તે બન્ને માંથી જે સહાબીની વાતને પ્રાથમિકતા આપવામાં આવશે, તે પ્રમાણે અમલ કરવામાં આવશે; કારણ કે અલ્લાહનું આદેશ છે: "પછી જો કોઇ બાબતે તમારી વચ્ચે વિવાદ ઉભો થઈ જાય તો તેને અલ્લાહ અને પયગંબર તરફ ફેરવી દો, જો તમને અલ્લાહ તઆલા પર અને કયામતના દિવસ પર ઈમાન હોય, આ ઘણું જ ઉત્તમ અને પરિણામ માં પણ સર્વશ્રેષ્ઠ છે." (અન્ નિસા:૫૯)

આ સંક્ષિપ્ત પુસ્તિકા છે, જેમાં "સ્ત્રીઓના પ્રાકૃતિક લોહી" અને તેની બાબતે આદેશો વર્ણન કરવા માં આવ્યા છે.

આ પુસ્તિકા નીચે પ્રમાણેના ભાગમાં વિભાજિત છે.

- પહેલો ભાગ: હૈઝ નો અર્થ અને તેની હિકમત.

- બીજો ભાગ: હૈઝ નો સમય અને તેની મુદ્દત.

- ત્રીજો ભાગ: હૈઝ પર અચાનક આવતા ફેરફાર.

- ચોથો ભાગ: હૈઝના આદેશો વિષે.

- પાંચમો ભાગ: ઇસ્તિહાઝહનો અર્થ અને તેના આદેશો.

- છઠ્ઠો ભાગ: નિફાસનો અર્થ અને તેના આદેશો.

- સાતમો ભાગ: દવાઓ દ્વારા હૈઝ રોકવા અથવા લાવવા અને દવાઓ દ્વારા ગર્ભધારણ કરવા અથવા ગર્ભપાત કરવા વિશે અમુક બાબતો નું વર્ણન.

*

## પહેલો ભાગ : હૈઝનો અર્થ અને તેની હિકમત.

હૈઝનો શાબ્દિક અર્થ: કોઈ વસ્તુનું વહેવું.

શરીઅત મુજબ કાયદાકીય અર્થ: તે લોહી જે એક સ્ત્રીને પ્રાકૃતિક રીતે કોઈ કારણ વગર ચોક્કસ સમયમાં આવે છે, અને આ પ્રાકૃતિક લોહી છે, બીમારી, ઈજા ગર્ભપાત તેમજ જન્મ તેનું આવવાનું કારણ  નથી, જોકે  આ એક સામાન્ય લોહી છે, તેથી તે સ્ત્રીની સ્થિતિ, વાતાવરણ એને તેના માહોલ  અનુસાર બદલાય છે. અને આ બાબતે સ્ત્રીઓ ની હાલત જુદી જુદી હોય છે.

હૈઝની હિકમત: બાળક જ્યારે પોતાની માતાના ગર્ભમાં હોય છે, તેના માટે ખોરાક ખાવો અશક્ય હોય છે, અને સર્જનમાં સૌથી વધારે પોતાના બાળક પર દયા કરવાવાળી (મા), તેના માટે પણ શક્ય નથી કે તે પોતાના બાળકને કોઈ ખોરાક પહોંચાડી શકે, તો તે સમયે અલ્લાહ તઆલા સ્ત્રીમાં લોહીના નાના નાના કણો પેદા કરી દે છે, જેના દ્વારા બાળક (ખાધા અને પાચન કર્યા વગર) માતાના પેટમાં ખોરાક મેળવી લે છે, આ લોહીના કણો બાળકમાં નાભી દ્વારા પહોંચે છે, જ્યાંથી લોહી બાળકની નસમાં જાય છે,

અને બાળક લોહીથી ખોરાક મેળવે છે, બસ અલ્લાહ સૌથી સારો સર્જનહાર છે.

આ હૈઝમાં આ જ હિકમત છુપાયેલી છે, એટલા માટે જ જ્યારે સ્ત્રી ગર્ભવતી બને છે તો તેને માસિક આવવાનું બંધ થઈ જાય છે, અમુક સ્થિતિ અલગ હોય શકે છે, અને એવી જ રીતે દૂધ પીવડાવવાના શરૂ શરૂ ના દિવસોમાં પણ હૈઝ બંધ હોય છે.

*

## બીજો ભાગ: હૈઝ નો સમય અને તેની મુદ્દત.

## (હૈઝ ની ઉંમર)

આ ભાગમાં બે સમયો વિશે ચર્ચા  કરવામાં આવશે:

પહેલો સમય: એવી ઉંમર જેમાં હૈઝ આવતું હોય છે.

બીજો સમય: હૈઝનો ચોક્કસ સમયગાળા વિશે.

પહેલો સમય: સામાન્ય રીતે જે ઉંમરમાં સ્ત્રીને હૈઝ આવતું હોય છે, તે બાર વર્ષથી લઈ પચાસ વર્ષ સુધી હોય છે, ક્યારેક સ્ત્રી પોતાની પરીસ્થિતિ, માહોલ અને હવાપાણી પ્રમાણે વર્ણવેલ મુદ્દત અને સમયથી આગળ પાછળ પણ થઈ શકે છે.

આલિમોએ આ વિશે ઘણી વાતો વર્ણન કરી છે કે, શું સ્ત્રીને હૈઝ આવવા ની ઉંમર નક્કી છે? અને શું આ ઉંમર પહેલા અથવા આ ઉંમર પછી પણ આવી શકે છે? અને આ ઉંમર પહેલા કે પછી જે લોહી આવે છે તે હૈઝનું લોહી છે કે અન્ય કોઈ.

આ વિશે આલિમોના ઘણા મંતવ્યો રજૂ કર્યા પછી ઇમામ દારમી રહિમહુલ્લાહે કહ્યું: “આ બધું મારી નજીક ખોટું છે, કારણ કે દરેક સ્થિતિમાં

મૂળ  હૈઝ નું અસ્તિત્વ છે જે કંઈ સ્થિતિ અને ઉંમરમાં જે પ્રમાણમાં પણ લોહી જોવામાં આવશે, તેને  હૈઝનું લોહી ગણવામાં આવશે". વલ્લાહુ અઅલમ.

અને આ જે વાત ઇમામ દારિમી રહ.એ કરી છે, તે યોગ્ય વાત છે, અને આ વાતને જ ઇમામ તૈમિયહ રહ.એ પસંદ કરી છે, બસ જે સ્ત્રી હૈઝનું લોહી જોશે તે હાઇઝા ગણવામાં આવશે, પછી ભલેને તે નવ વર્ષથી ઓછી ઉંમરની અથવા પચાસ વર્ષથી વધારે ઉંમરની હોય, અને આ એટલા માટે કે અલ્લાહ તઆલાએ અને તેના રસૂલે હૈઝના દરેક આદેશો હૈઝ ની લોહી ના અસ્તિત્વથી જ જોડ્યા છે, તેના માટે કોઈ ઉંમર નક્કી નથી કરી, એટલા માટે હૈઝના દરેક મસાઈલ પુરા પાડવા માટે હૈઝ નું અસ્તિત્વ જરૂરી છે, અને હૈઝ વિશે ઉંમર નક્કી કરવા માટે કુરઆન અને હદીષની કોઈ દલીલ હોવી જરૂરી છે, જો કે આ વિશે કોઈ દલીલ મળતી નથી.

બીજો સમય: હૈઝનો સમયગાળો અર્થાત્ તેના સમયની માત્રા(અવધિ).

આ વિશે લગભગ આલિમોના છ-સાત મંતવ્યો જણાવ્યા છે, ઈબ્ને મુન્ઝિર રહિમહુલ્લાહે કહ્યું કે: એક જૂથ કહે છે કે હૈઝ ના ઓછા માં ઓછા દિવસ કે વધ મા વધુ દિવસ તેવી કોઇ હદ નથી.

હું કહું છું કે ઇમામ દારિમી રહિમહુલ્લાહની આ વાત જ યોગ્ય છે, અને શેખુલ્ ઇસ્લામ ઈબ્ને તૈમિયહ રહિમહુલ્લાહએ આ વાતને જ પસંદ કરી છે, કારણકે કુરઆન અને સુન્નત અને સાચો કિયાસ આ વાત પર જ પુરાવો આપે છે.

પહેલી દલીલ: અલ્લાહ તઆલા કહે છે: ''તેઓ તમને માસિક પિરીયડ બાબતે સવાલ કરે છે, કહી દો કે તે ગંદકી છે, માસિક પિરીયડની સ્થિતીમાં સ્ત્રીઓ (સાથે સંભોગ કરવા) થી જુદા રહો અને જ્યાં સુધી તેણીઓ પાક ન થઇ જાય તેણીઓની નજીક ન જાઓ'' [અલ્ બકરહ: ૨૨૨] તો આ આયતમાં અલ્લાહ તઆલાએ થોભી જવાની હદ તુહર (પાકી) વર્ણન કરી છે, એક રાત-દિવસ એવી જ રીતે વધુમાં વધુ પંદર દિવસની હદ વર્ણન નથી કરી, જાણવા મળ્યું કે સ્ત્રી થી દૂર રહવા નું આદેશનું કારણ હૈઝ છે,

જ્યારે હૈઝ જોવામાં આવશે તો હૈઝના સંપૂર્ણ આદેશો લાગુ પડશે અને જ્યારે પાક થઈ જશે તો હૈઝના આદેશો લાગુ નહીં પડે.

બીજી દલીલ: સહીહ મુસ્લિમમાં છે કે આપ ﷺ એ આયશા રઝી. ને કહ્યું: (જ્યારે તેઓ ઉમરહમાં એહરામની સ્થિતિમાં હાઇઝા થઇ ગયા હતા) **"તવાફ સિવાય તે દરેક અમલ કરો, જે એક સામાન્ય હાજી કરતો હોય છે, જ્યાં સુધી તમે પાકી મેળવી લો"** આયશા રઝી. એ કહ્યું: "અને હું કુરબાનીના દિવસે પાક થઈ ગઈ હતી." (હદીષ)

અને સહીહ બુખારી માં વર્ણન છે કે આપ ﷺ એ આયશા રઝી.ને કહ્યું: "રાહ જુઓ અને જ્યારે તમે પાક થઈ જાઓ તો તન્ઇમ નામની જગ્યા પર જતાં રહેજો, (ઉમરહ ના ઈહરામ માટે) (તો આપ ﷺ એ તવાફ ન કરવાનું કારણ હૈઝ વર્ણન કર્યું છે, કોઈ સમયગાળો વર્ણન નથી કર્યો, આ હદીષથી જાણવા મળ્યું કે હૈઝ ના આદેશો હૈઝ ના અસ્તિત્વ અને હૈઝ ના હોવા પર નિર્ભર છે.

ત્રીજી દલીલ: ખરેખર હૈઝના સમયગાળા વિષે જે અંદાજો અને ઉલ્લેખ આલીમોએ કર્યા છે, તે કુરઆન અને હદીષમાં વર્ણન થયા નથી, જોકે જરૂરિયાત પ્રમાણે આ વિશે વર્ણન કરવું જરૂરી હતું, જો હૈઝના સમયગાળા વિશે માહિતી આપવી જરૂરી હોત અને જેના વગર બંદા ની ઈબાદત પણ શક્ય ન હોત તો આની માહિતી અલ્લાહ તઆલા અને તેના રસૂલ ﷺ જરૂર લોકો સામે વર્ણન કરી દેતા. આપણે જોઈએ તો જાણવા મળશે કે નમાઝ, રોઝા, લગ્ન અને વિરાસત વિશે વિસ્તારપૂર્વક સમજાવવામાં આવ્યું છે, જેવી રીતે અલ્લાહ તઆલાએ નમાઝનો સમય, રુકુઅ, સજદો, વિશે માહિતી આપી છે, એવી જ રીતે ઝકાત વિશે માહિતી આપી છે કે કેટલા માલ ઉપર કેટલી ઝકાત, તેમજ ઝકાત ક્યાં ક્યાં આપવી, વગેરે જેવા સંપૂર્ણ આદેશોની માહિતી આપવામાં આવી, એવી જ રીતે રોઝા વિશે, કે તેનો સમય અને તેની સંપૂર્ણ માહિતી, હજ વિશે પણ સંપૂર્ણ માહિતી આપવામાં આવી છે, તદઉપરાંત તેના કરતાં નાના નાના આદેશો જેવા કે ખવાપીવા, સૂવાના, સમાગમ કરવાના, મજલિસના, ઘરમાં દાખલ થતી વખતે અને નીકળતી વખતના આદાબ તેમજ પેશાબ પાખાનાના આદાબ વર્ણન કરવામાં આવ્યા છે, એટલા સુધી કે પાકી માટે પથ્થરની

ગણતરીનું પણ વર્ણન કરેલ છે, તે સિવાય નાના મોટા દરેક કાર્યો (જેના દ્વારા અલ્લાહ તઆલાએ દીન પૂરો કર્યો છે, અને પોતાના મોમિન બંદાઓ પર નેઅમતોને પૂર્ણ કરી છે) વર્ણન કર્યા છે, જેવું કે અલ્લાહ કહે છે, "**અને અમે તમારા પર જે કિતાબ ઉતારી છે, તે દરેક વસ્તુનું વર્ણન કરવાવાળી છે.**" (સૂરે નહલ : 89) અને અલ્લાહ તઆલા એ કહ્યું: "**આ કુરઆન એવું નથી જે ઘઢી કાઢવામાં આવ્યું હોય, પરંતુ આ કુરઆન પહેલાની કિતાબોની પુષ્ટિ કરે છે, અને દરેક વાતનું વિગતવાર વર્ણન કરે છે**" (યૂસુફ: ૧૧૧) હૈઝના સમયગાળા વિશે જે અનુમાન લગાવવામાં આવી રહ્યા છે, તે આદેશોનું વર્ણન ન તો કુરઆનમાં છે અને હદીષમાં, એટલા માટે આ દરેક અનુમાનનું કોઈ મહત્વ નથી, મહત્વ ફક્ત હૈઝનું હોવું અને ન હોવું છે, જેના આધાર પર શરીઅતના આદેશો વર્ણન કરવામાં આવ્યા છે, અને કુરઆન અને હદીષમાં વર્ણન ન હોવું એક જબરદસ્ત દલીલ છે કે તેના સમયગાળા વિશે કોઈ વાત ચોક્કસ નથી, આ દલીલ તમને આ મસ્અલા અને બીજા અન્ય મસ્અલા માં પણ કામ આવશે, કારણકે શરીઅતના આદેશો ફક્ત કુરઆન અને હદીષ તેમજ વિખ્યાત ઇજમાઅ(સર્વસંમતિ) અને સાચા કિયાસ વડે સાબિત થાય છે. શૈખુલ્ ઇસ્લામ ઈબ્ને તૈયમિયહ રહ.એ પોતાના 'કાયદા' માં કહ્યું: "અને તેમાંથી એક નામ હૈઝનું પણ છે, અલ્લાહ તઆલા એ ઘણા આદેશો તેના વિશે વર્ણન કર્યા છે, પરંતુ અલ્લાહ તઆલાએ હૈઝના ઓછા વધતા સમયગાળા વિશે અને બે હૈઝ વચ્ચેના સમય વિશે પણ કંઈ વર્ણન કર્યું નથી, જ્યારે કે તેની જરૂરત હતી, તેમજ શબ્દકોશ પ્રમાણે પણ આ સાબિત થતો નથી, તો જે કોઈ પણ આ વિશે કોઈ હદ નક્કી કરશે તેણે કુરઆન અને હદીષનો વિરુધ્ધ કર્યો."

ચોથી દલીલ: એઅતિબાર અર્થાત યોગ્ય કિયાસ (કિયાસ એક શરઇ પરિભાષા છે, જેને દલીલ સ્વરૂપે માન્ય ગણવામાં આવે છે) અલ્લાહ તઆલાએ હૈઝનું કારણ એ વર્ણન કર્યું છે કે તે "**ગંદકી**" છે, જ્યારે પણ હૈઝ આવશે ત્યારે ગંદકી જરૂર હશે, બીજા અને પહેલા દિવસ વચ્ચે, ત્રીજા અને ચોથા દિવસ વચ્ચે કોઈ ફરક નથી. અને સોળમા અને પંદરમા દિવસ વચ્ચે અને અઢારમાં અને સત્તરમાં દિવસ વચ્ચે કોઈ તફાવત નથી, હૈઝ એ હૈઝ જ છે, અને ગંદકી એ ગંદકી છે, કારણ બન્ને દિવસોમાં સરખું જ છે, તો બન્ને દિવસો વચ્ચે આદેશમાં તફાવત કઈ રીતે યોગ્ય ગણાશે? જોવા જઈએ તો

બન્ને દિવસોમાં કારણ તો સરખું જ છે! શું આ કિયાસ સહીહના વિરુદ્ધ નથી? શું બન્ને દિવસો કારણ મા બરાબર હોવાના કારણે બનેનું આદેશ પણ સહીહ ક્યાસ મુજબ બરાબર ના હોવું જોઇએ?

પાંચમી દલીલ: હદ નક્કી કરનારની વાતોમાં વિવાદ: હદ નક્કી કરનારની વાતોમાં વિવાદ એ વાતની દલીલ છે કે આ વિશે કોઈ એવી દલીલ મળતી નથી, જેની તરફ આ વિશે રજૂ કરી શકાય, અને આ બધા મંતવ્ય ઇજતિહાદી (દીન ની પરિભાષા માં કુરઆન અને હદીસ થી મસ્લા નું હલ કાઢવ માટે જે અમુક નિયમો છે) આદેશો છે, (જેમાં ભૂલચુલ થઈ શકે છે), આ આદેશોમાં કોઈ એવા નથી, જે એક બીજા કરતા વધારે અનુસરણ કરવાને પાત્ર હોય, અને વિવાદ વખતે ફક્ત કુરઆન અને સુન્નત તરફ જ રજૂ કરવું જોઈએ.

હવે જ્યારે આ વાતની સ્પષ્ટતા થઈ ગઈ કે હૈઝ માટે ઓછામાં ઓછો સમયગાળો અથવા વધારેમાં વધારે સમયગાળો નક્કી જ નથી, અને આ જ વાત સાચી છે, તો જાણી લો, તે દરેક પ્રાકૃતિક લોહી જેને સ્ત્રી કોઈ કારણ વગર (ઉદાહરણ તરીકે ઈજા-ઘા) જુએ તો તે સમયે સમયગાળો અને ઉંમરનો અંદાજો લગાવ્યા વગર હૈઝનું લોહી ગણવામાં આવશે, હા, જો તે લોહી સ્ત્રીને વહેતુ જ રહે, કયારેય થોભે જ નહીં અથવા મહિનામાં એક અથવા થોડાક સમય માટે થોભી જાય, તો તે ઇસ્તિહાઝહનું લોહી ગણવામાં આવશે. (ઇસ્તિહાઝહનું વર્ણન આગળ કરવામાં આવશે-ઇન્ શાઅ અલ્લાહ).

શૈખુલ્ ઇસ્લામ ઈબ્ને તૈમિયહ રહ. વર્ણન કરે છે: “ગર્ભાશય માંથી જે લોહી વહેતુ હોય છે, હકીકતમાં તે હૈઝનું જ લોહી હોય છે, હા કોઈ એવી દલીલ હોય, જે તેને સ્પષ્ટ કરી દે કે આ લોહી ઇસ્તિહાઝહનું લોહી છે”. અને આગળ શેખ કહે છે: "જે પણ લોહી ગર્ભાશય માંથી નીકળે, તે હૈઝ છે, જ્યાં સુધી ખબર ન પડી જાય કે આ બીમારી અથવા ઈજા વડે વહેતુ લોહી છે. અને આ વાત જે પ્રમાણે દલીલ રૂપે સહીહ છે, તેવી જ રીતે સમજવા અને અમલ માટે પણ વધુ સરળ છે, કારણકે તે ઇસ્લામ દીન ની રૂહ અને કાયદા પ્રમાણે છે અને તેમાં સરળતા અને સહૂલત છે, અલ્લાહ તઆલા એ કહ્યું: **"અલ્લાહ તઆલાએ તમારા દીન પ્રત્યે કોઈ સખતી નથી બનાવી."** (અલ્

હજ: ૭૮), આપ ﷺ એ કહ્યું: **"ખરેખર દીન સરળ છે, જેણે દીન પ્રત્યે સખતી કરી, તો તે ગુમરાહ  થઇ ગયો, એટલા માટે સીધા રહી, મધ્યમ માર્ગ અપનાવો, અને ખુશખબરી આપનાર બનો".** (બુખારી:૩૯)

અને આપ ﷺ ના ઉચ્ચ અખલાકમાં આ વાત હતી કે જ્યારે આપ ﷺ ને બે વાતો માંથી એક વાત પસંદ કરવાનો અધિકાર આપવામાં આવતો તો બંને માંથી જે વધુ સરળ હોત આપ ﷺ તેને પસંદ કરતાં હતાં. (જ્યાં સુધી ગુનાહ નું કામ ના હોત).

ગર્ભવતી સ્ત્રીનું હૈઝ:

વધારે પડતું સ્ત્રી જ્યારે ગર્ભવતી બને છે તો તેને હૈઝનું લોહી આવવાનું બંધ થઈ જાય છે. ઇમામ અહમદ રહ. કહે છે: "સ્ત્રી હૈઝ ની લોહી બંદ થવાથી જ ગર્ભને ઓળખે છે". તો જ્યારે ગર્ભવતી સ્ત્રી લોહી જુએ અને આ લોહી જન્મ કરતાં  થોડાક સમય પહેલા હોય (ઉદાહરણ તરીકે બે અથવા ત્રણ દિવસ) અને તેને (પ્રસૂતિ ની) પીડા પણ થતી હોય તો તે નિફાસનું લોહી ગણવામાં આવશે. અને જો તે લોહી પ્રસૂતિ સમય કરતાં ઘણા સમય પહેલા હોય અથવા થોડોક  પહેલા હોય  અને તેની સાથે પીડા પણ ના હોય તો તે નિફાસનું લોહી ગણવામાં નહીં આવે,  તો શું તે હૈઝનું લોહી ગણાશે અને તેના પર હૈઝના  આદેશો લાગૂ પડશે? અથવા શું તે બગાડનું લોહી ગણવામાં આવશે?

આ વિશે આલિમો વચ્ચે વિવાદ જોવા મળે છે, પણ સહીહ વાત આ છે કે તે હૈઝનું લોહી ગણવામાં આવશે, જ્યાં સુધી સ્ત્રી ને તેની આદત પ્રમાણે આવતું હોય, કારણ કે અસલ તો એ જ છે કે જો કોઈ સ્ત્રીને લોહી આવતું હોય છે તે હૈઝનું જ લોહી ગણાશે, જ્યાર સુધી કોઈ એવું કારણ ના સામે આવી જાય જે હૈઝ ન ગણવાનું કારણ માનવામાં આવે, અને કુરઆન અને હદીષમાં કોઇ એવી દલીલ નથી જે ગર્ભવતીને હૈઝ આવવાથી મનાઈ કરતી હોય,

અને આ જ મંતવ્ય ઇમામ માલિક અને ઇમામ શાફઇ રહ.નો છે, અને આ જ મંતવ્યને શૈખુલ્ ઇસ્લામ ઈબ્ને તેયમિયહ રહ. એ "ઇખ્તિયારાત" માં વર્ણન કર્યો: ઇમામ બયહકી રહ.એ ઇમામ એહમદની એક રિવાયત નકલ

કરી છે, પરંતુ તેમણે એવું પણ કહ્યું છે કે ઇમામ એહમદ રહ. પોતાની આ વાતથી રજૂ કરી લીધો હતો.

એટલા માટે ગર્ભવતીના હૈઝ માટે તે જ આદેશો લાગુ પડશે જે સામાન્ય સ્ત્રીના હૈઝ માટે લાગુ પડે છે. બે આદેશો સિવાય:

પ્રથમ આદેશ: તલાકનો મસ્અલો, જે સ્ત્રી ગર્ભવતી ન હોય અને એના ઉપર તલાક ની સૂરત મા ઇદ્દત જરૂરી હોય તો હૈઝ ના સમયમાં તલાક આપવી હરામ છે, અને આ અલ્લાહના ફરમાનની વિરુદ્ધ છે, અલ્લાહ કહે છે: **"તમે તેણીઓને તેમની ઇદ્દતમાં તલાક આપો"** [ અત્ તલાક: ૧] પરંતુ ગર્ભવતીને હૈઝમાં તલાક આપવું હરામ નથી, કારણ કે જે ગર્ભવતીને તલાક આપે છે તો તે ઇદ્દતના યોગ્ય સમયમાં તલાક આપી રહ્યો છે, ભલેને તે હૈઝથી હોય કે પાક હોય, કારણકે તેની ઇદ્દત ગર્ભપાત (સુધી) છે, આ જ કારણ છે કે ગર્ભવતીને સમાગમ કર્યા પછી પણ તલાક આપી શકાય છે, અને જો સ્ત્રી ગર્ભવતી ન હોય તો તેનો આદેશ અલગ છે.

બીજો મસઅલો: હૈઝના કારણે ગર્ભવતી સ્ત્રીની ઇદ્દત, બીજી સ્ત્રીઓની માફક પૂરી નથી થતી; કારણકે ગર્ભવતી સ્ત્રીની ઇદ્દત ગર્ભપાત છે, ભલેને તેને હૈઝ આવે કે ન આવે; અલ્લાહના આદેશ પ્રમાણે: **{અને ગર્ભવતી સ્ત્રીની ઇદ્દત ગર્ભપાત થવું છે.}** [અત્ તલાક: ૪]

# ત્રીજો ભાગ: હૈઝ દરમિયાન ઊભી થતી અવ્યવસ્થાઓ

હૈઝમાં થતી અવ્યવસ્થાની કેટલીક પરિસ્થિતિઓ છે:

પહેલી હાલત: વધઘટ થવી, ઉદાહરણ તરીકે એક સ્ત્રીની સામાન્ય રીતે માસિક આદત છ દિવસ હોય, પરંતુ તેને સાત દિવસ સુધી લોહી વહેતુ રહે છે, અથવા આદત સાત દિવસ ની હોય પરંતુ તે છઠ્ઠા દિવસે બંદ થઇ જાય.

બીજી હાલત: સમયનું આગળ પાછળ થવું: ઉદાહરણ તરીકે એક સ્ત્રીની માસિકનો સમયગાળો મહિનાના અંતમાં શરૂ થતો હોય, પરંતુ તે મહિનાની શરૂઆતમાં જ લોહી જુએ છે, અથવા તેને સામાન્ય રીતે મહિનાના શરૂઆતમા જ માસિક આવતું હોય પરંતુ તે મહિનાના અંત માં લોહી જુએ,

તો આ બન્ને વાતોમાં આલિમો મા વિવાદ જોવા મળે છે, યોગ્ય વાત એ છે કે જ્યારે પણ કોઈ સ્ત્રી લોહી જુએ તો તે હાઇઝા ગણવામાં આવશે, અને જ્યારે પણ હૈઝથી પાક થઈ જાય ત્યારે તેને પાક ગણવામાં આવશે, ભલેને તેને પોતાની આદત કરતા વધારે અથવા ઓછા દિવસ આવે, અને ભલેને તેને પોતાના સમયગાળા કરતા પહેલા  આવે અથવા પછી અવે,  એની દલીલ પહેલા ભાગમાં પસાર થઈ ગઈ છે, જ્યાં અલ્લાહ તઆલા એ હૈઝના આદેશો ને હૈઝ ના અસ્તિત્વ સાથે જોડ્યા છે. અને આ જ મંતવ્ય ઇમામ શાફઇ નું છે, અને શેખુલ ઇસ્લામ ઈબ્ને તૈમિયહ  રહ.એ તેનેજ પસંદ કર્યો છે, અને આ જ મંતવ્યને 'અલ્ મુગની' નામની કિતાબમાં સાચો કહ્યો છે, અને કહ્યું જો આ વિશે કોઇ પણ આદતની દખલગીરી હોત તો આપ ﷺ જરૂર તેને વર્ણન કરતા, અને તેને વર્ણન કરવામાં મોડું ન કરત, કારણકે જરૂરતના સમયે કોઈ વસ્તુ વર્ણન કરવા બાબતે વિલંબ કરવો જાઈઝ નથી, જ્યારે  કે આપ ﷺ ની પાક પત્નીઓ અને અન્ય સ્ત્રીઓને આ બધી વાતની જરૂર હતી, અને આપ ﷺ કોઈ પણ આદેશથી ગફલતમાં ન હતા,અને ઈસ્તિહાઝા વાળી સ્ત્રીઓ સિવાય બીજી સ્ત્રીઓ વિષે આપ થી આદત અને સમયગાળા વિષે કંઈ સાબિત નથી.

ત્રીજી હાલત: સુફરહ અથવા કુદરહ (સુફરહ: પરુ જેવો એક પ્રકારનું પ્રવાહી જે પીળા કલર જેવું હોય છે, અને કુદરહ: માટી જેવો ગંદા પાણી જેવો કલરવાળો એક પ્રવાહી.) જો સ્ત્રીને પરુની માફક પ્રવાહી, જે રીતે ઘા વખતે પાણી નીકળતું હોય છે, તે પ્રકારનું પ્રવાહી અથવા માટીની જેમ કોઈ વસ્તુ જુએ અને જો તે હૈઝની વચ્ચે હોય અથવા હૈઝ ની જે  પાકી હોય છે એના

પહેલા હોય તો તેને હૈઝ લાગૂ પડશે, તેના પર હૈઝના આદેશો સાબિત થશે, અને જો તે પાક થઈ ગયા પછી હોય તો તે હૈઝનું લોહી નહીં હોય; કારણકે ઉમ્મે અતિય્યહ રઝી. કહે છે: "અમે પાકી પ્રાપ્ત કરી લીધા પછી પીળા અથવા માટી જેવા રંગની ગણતરી (હૈઝમાં)કરતા ના હતા." આ હદીસ ઈમામ અબૂ દાવુદ રહ. એ સહીહ સનદ સાથે રિવાયત કરી છે, ઇમામ બુખારી રહ.એ પણ આ હદીષનું વર્ણન કર્યું છે, પરંતુ સહીહ બુખારીમાં આ શબ્દ (બઅદત્તુહર, પાકી બાદ) નું વર્ણન નથી, પરંતુ ઇમામ બુખારી રહ. એ તર્જુમહ ના બાબમાંઆ રીતે લખ્યું છે, "હૈઝના દિવસો સિવાય અન્ય દિવસોમાં સુફરહ અને કુદરહનું વર્ણન." હાફિઝ ઈબ્ને હજર રહ. બુખારીની સમજૂતી, "ફત્હુલ્ બારી" માં કહે છે: "ઇમામ બુખારી રહ.એ આયશા રઝી.ની હદીષ (જેમાં તેઓએ કહ્યું: "સ્ત્રી સફેદ ચૂનો જોઇ લે.) અને ઉમ્મે અતિયયહ રઝી. ની હદીષની સમજૂતી  એકસાથે વર્ણન કરી છે,  જે મુજબ આયશા રઝી.ની હદીષને હૈઝના દિવસોમાં સમજવામાં આવશે અને ઉમ્મે અતિયહની હદીષને હૈઝ પછી પાકીમાં ગણવામાં આવશે. અને આયશા રઝી. ની હદીષ જેને ઈમામ બુખારી રહ. એ બાબ(પાઠ) પહેલા તઅલિકન રિવાયત કરી, સ્ત્રીઓ આયશા રઝી. પાસે દુરજહ મોકલતી હતી, જેમાં રૂ હોતું જેના પર પીળા રંગનું લોહી ચોંટેલું હોતું, તો આયશા રઝી. કહેતી કે ઉતાવળ ન કરો, જ્યાં સુધી તમે સફેદ ચૂનો ન જોઈ લો. (સફેદ ચુનો એટલે કે તે સફેદ પાણી જેને ગર્ભાશય હૈઝથી પાક થઇ ગયા પછી બહાર કાઢે છે).

ચોથી હાલત: થોભી થોભી ને લોહી આવવું: એવી રીતે કે એક સ્ત્રી એક દિવસ લોહી જુએ અને બીજા દિવસે પાકી જુએ, તેની બે હાલતો છે:

પહેલી હાલત: જો આવું કોઈ સ્ત્રી સાથે કાયમી હોય તો તે ઇસ્તિહાઝાનું લોહી છે, અને તેના પર ઇસ્તિહાઝાના આદેશો લાગુ પડશે.

બીજી હાલત: એવું કે સ્ત્રીને લોહી સળંગ ન આવતું હોય પરંતુ અમુક સમય લોહી આવે અને અમુક સમયે ન આવે અને પાકી નુ સમય માલૂમ હોય તો તેના વિષે ઉલમા વચ્ચે મતભેદ જોવા મળે છે કે તેણીની પાકીનો સમય છે કે તેણી પર હૈઝના આદેશો લાગુ પડશે?

ઈમામ શાફઈના મંતવ્ય પ્રમાણે તેમના બે કૌલમાંથી સાચી વાત એ છે કે, તેણીના ઉપર હૈઝના આદેશો લાગુ પડશે અને તેણીનો સમય હૈઝનો સમય ગણાશે, અને શૈખુલ્ ઇસ્લામ રહી. અને "અલ્ ફાઈક" કિતાબના લેખકે પણ આજ વાત પસંદ કરી છે અને આજ મંતવ્ય ઈમામ અબૂ હનીફહ રહ. નો છે, આ એટલા માટે કે તે સ્ત્રીએ સ્પષ્ટ સફેદપણું તેમાં જોઈ નથી અને જો તેને પાકીનો સમય કહેવામાં આવે તો તેના પહેલા પણ હૈઝ છે અને તેના પછી પણ હૈઝ છે, જયારે કે આ વાત માનવાવાળું કોઈ નથી, નહીં તો પાંચ દિવસમાં તેણીનો હૈઝનો સમય પૂર્ણ થઇ જશે; અને જો તે સમયને તેણીનો પાકીનો સમય માની લેવામાં આવે તો દર બે દિવસે તેણીએ નહાવું પડશે જે ખુબ જ તકલીફનું કારણ છે અને આપણી શરીઅતમાં કોઈને તકલીફ પહોચાડવાની કલ્પના પણ નથી.

હનાબિલાનો પ્રખ્યાત મંતવ્ય એ છે કે તેણીનું તે લોહી હૈઝ ગણવામાં આવશે અને તેણીની પાકી એ તુહર ગણવામાં આવશે અને જો તે બંનેનો સંગ્રહ હૈઝથી વધી જાય તો જે લોહી હૈઝના દિવસો પછી આવે તે ઇસ્તિહાઝાનું લોહી હશે.

ઈમામ ઇબ્ને કુદામાહ રહ. એ "અલ્ મુગ્ની" માં કહ્યું: "જોવું જોઈએ કે લોહી એક દિવસથી ઓછા સમય પહેલા થોભી જાય તો તે તુહર નહીં હોય તે રિવાયતના કારણે જે અમે નિફાસના બાબમાં ઉલ્લેખ કરી કે એક દિવસ કરતા ઓછા સમયને નહીં જોવામાં આવે આજ સાચો મંતવ્ય છે (ઈન્ શા અલ્લાહ) કારણકે લોહી અમુક વાર થોભી જાય છે તો અમુક વાર આવવા લાગે છે, અને આવી સ્ત્રી પર ગુસલ વાજિબ કરવું (જેને લોહી આવે અને રુકી જાય) તેણી માટે તંગી અને મુસીબત છે; જે અલ્લાહની આ વાત વિરુદ્ધ છે: **"અને અલ્લાહ એ તમારા માટે દીનમાં કોઈ તંગી રાખી નથી"** [અલ્ હજ્જ: ૭૮], ઈમામ ઇબ્ને કુદામહ રહ. એ વધુમાં કહ્યું કે આજ કારણે જો કોઈ સ્ત્રીને એક દિવસ પહેલા લોહી આવવનું બંધ થઇ જાય છે તો તેને તુહર એટલે કે પાકી નહીં ગણવામાં આવે સિવાય એ કે તે સ્ત્રી કોઈ બાબત જોઈ લે જે તેના લોહી બંધ થઇ જવા પર પુષ્ટિ કરતી હોય, જેમકે સ્ત્રીને છેલ્લા સમયે લોહી બંધ થઇ જવું અથવા તે સ્પષ્ટ સફેદપણું જોઈ લે.

તો "અલ્ મુગ્ની" કિતાબના લેખકનું આ કૌલ બંને કૌલો વચ્ચેનું કૌલ છે. (વલ્લાહુ અઅલમ બિસ્સવાબ)

પાંચમી હાલત: લોહીમાં સૂકા પણું, એ એવી રીતના કે કોઈ સ્ત્રી ફક્ત ભેજ જુએ જો આ ભેજ હૈઝ દરમિયાન હોય તો તેને હૈઝ કહેવામાં આવશે અને જો આ ભેજ તુહર પછી હોય તો તે હૈઝ નહીં ગણાય. કારણકે વધુ માં વધુ તે સુફરહ અને કુદરહ છે અને તેનો હુકમ પણ તેજ હશે.

*

# ચોથો ભાગ: હૈઝના આદેશો

હૈઝના આદેશો ઘણા છે જે વીસ (૨૦) કરતા પણ વધુ છે, તે આદેશો માંથી અમે જે જરૂરી અને  મહત્વપૂર્ણ સમજીએ છીએ તેનો ઉલ્લેખ અહિયાં કરીશું , જે નીચે મુજબ છે:

પહેલું: નમાઝ: હૈઝવાળી સ્ત્રી પર ફર્ઝ અને નફિલ નમાઝો પઢવી હરામ છે,ત્યાં સુધી કે તે પાકી ની હાલત મા એક રકાત પઢી શકાય એટલું સમય મેળવી લે પછી તે નમાઝનો અવ્વલ સમય મેળવે અથવા છેલ્લો સમય.

અવ્વલ વખત નું ઉદાહરણ: એક સ્ત્રીને સૂર્યાસ્ત પછી એક રકઅત પઢી શકાય એટલા સમય પછી હૈઝ આવ્યું તો તેણીની જ્યારે હૈઝથી પાક થશે ત્યારે તે મગરીબની નમાઝ કઝા કરી પઢશે, કારણકે  હૈઝ આવતા પહેલા તેણીએ તે નમાઝની એક રકઅત (જેટલો સમય) મેળવી લીધો હતો.

છેલ્લા વખત નુ ઉદાહરણ: જો કોઇ સ્ત્રીએ સૂર્યોદય પહેલા એક રકાત પઢી શકાય એટલું સમય મેળવી લીધું તો તેણીએ નમાઝ ની કઝા કરવી પડશે, કારણકે તેણીએ નમાઝના સમયને એવા ભાગમાં મેળવી લીધો જે ભાગમાં એક રકાઅત પઢી શકાય.

અને જો એક હૈઝવાળી સ્ત્રીએ એક પૂર્ણ રકઅત ના પઢી શકાય તેટલો સમયનો મેળવ્યો, જેમકે પહેલા ઉદાહરણમાં સૂર્યાસ્ત ના થોડાક સમય બાદ જો તેણીને હૈઝ આવ્યું અથવા બીજા ઉદાહરણમાં સૂર્યોદય ના થોડાક પહેલા તેણી પાક થઇ ગઈ, તો તેણી પર નમાઝ વાજિબ નહીં થાય કારણકે આપ ﷺ એ કહ્યું: "જેણે નમાઝની એક રકઅત મેળવી લીધી તો ખરેખર તેણે નમાઝ મેળવી લીધી". (બુખારી, મુસ્લિમ) આ હદીષની સમજૂતી એ છે કે જેણે એક રકઅતથી ઓછો ભાગ મેળવ્યો તો તેના ઉપર નમાઝ નથી.

જો કોઈ સ્ત્રી અસરની નમાઝના સમયે એક રકઅતનો સમય મેળવી લે તો શું તેણી પર અસરની નમાઝ સાથે ઝોહરની નમાઝ પઢવી વાજિબ થઇ જશે? અથવા ઈશાના સમયે એક રકાઅત મેળવી લે તો શું તેણીએ મગરીબની નમાઝ પઢવી પડશે?

આ વિષે ઉલમા વચ્ચે મતભેદ જોવા મળે છે, સાચી વાત એ છે તેણી પર તે જ નમાઝ પઢવી વાજિબ થશે જે તેણીએ મેળવી અને તે અસર અને ઈશાની નમાઝ છે; નબી ﷺ ના ફરમાન મુજબ: **"કે જે વ્યક્તિએ સૂર્યાસ્ત પહેલા અસરની એક રકઅત મેળવી લીધી તો તેણે ખરેખર અસરની નમાઝ મેળવી લીધી."** (બુખારી, મુસ્લિમ) તો આ હદીષમાં આપ ﷺ એ એવું નથી કહ્યું કે તેને ઝોહર અસર બંને નમાઝ મેળવી લીધી. અહીંયા આપ ﷺ એ ઝોહરની નમાઝ વાજિબ થવાનો ઉલ્લેખ નથી કર્યો કારણકે અસલ તો છુટકારો છે (કે તેનાં ઉપર કોઈ પણ વસ્તુ વાજીબ નથી જ્યાં સુધી કોઈ દલીલ ના મળી જાય). આજ મંતવ્ય ઈમામ અબૂ હનીફહ અને ઈમામ માલિક રહ. નો છે જેનો ઉલ્લેખ ઈમામ નવવી રહ. એ "શર્હુલ્ મુહઝ્ઝબ" માં કર્યો છે.

રહી વાત ઝીકરો અઝ્કાર, અલ્લાહુ અકબર, સુબ્હાનલ્લાહ અને અલ્હમ્દુ લિલ્લાહ પઢવું અને ખાતા પહેલા બિસ્મિલ્લાહ કહેવું, હદીષ અને ફિકહ પઢવું, દુઆ કરવી અને તેના પર આમીન કહવું અને કુરઆન સાંભળવું, તો

પઉપરોક્ત કાર્યો માંથી કોઈ પણ કાર્ય કરવું હરામ નથી, અને તે સહીહ બુખારી અને મુસ્લિમમાં સાબિત છે કે: "નબી ﷺ આયશા રઝી. ના ખોળામાં ટેક લગાવતા હતા અને આયશા રાઝી. હૈઝની સ્તિથિમાં હોતા અને આપ ﷺ કુરઆન પઢતા હતા." એવી જ રીતે સહીહ બુખારી અને મુસ્લિમમાં ઉમ્મે અતિય્યા રઝી. ની રિવાયત છે કે તેમણે નબી ﷺ ને કહેતા સાંભળ્યા: **"કુંવારીઓ, પરદાવાળી અને હૈઝવાળી સ્ત્રીઓ ઇદની નમાઝ માટે નીકળે અને મુસલમાનો ની દુઆ અને ભલાઈના કામોમાં હાજર થાય અને હૈઝવાળી સ્ત્રીઓ નમાઝથી અલગ રહે."** રહી વાત કે હૈઝવાળી સ્ત્રીનું જાતે કુરઆન પઢવું, કે તે જોઈને કે દિલમાં જુબાનને હલાવ્યા વગર પઢે તો કોઈ વાંધો નથી જેમકે કુરઆન એના તખ્તી આગળ મુકવામાં આવે તો હૈઝવાળી સ્ત્રી તેમાં જોતી રહે અને દિલમાં પઢતી રહે. ઈમામ નવવી રહી. એ "શર્હલ્ મુહઝ્ઝબ" માં કહ્યું: "આ કોઈ મતભેદ વગર જાઈઝ છે" અને જો હૈઝવાળી સ્ત્રી જબાન વડે પઢે છે તો જુમહૂર ઉલમાં સમક્ષ હરામ છે, અને ઈમાન બુખારી, ઇબ્ને જરીર તબ્રી અને ઇબ્ને મુન્ઝિર કહે છે કે જાઈઝ છે . ઈમામ માલિક અને ઈમામ શાફઈ ના જૂના મંતવ્ય આજ પ્રમાણે છે, હાફિઝ ઇબ્ને હજર રહ. એ આ બંનેના મંતવ્યોનો "ફતહુલ્ બારી" માં ઉલ્લેખ કર્યો છે, અને ઈમામ બુખારી રહ. એ ઈબ્રાહીમ નખઈ રહ. થી "તઅલીકન" વર્ણન કર્યું છે કે જો તેણી આયત પઢે છે તો કોઈ વાંધો નથી. અને શૈખુલ્ ઇસ્લામ રહ. એ 'ફતાવા મજ્મૂઅતુ ઈબ્નીલ્ કાસિમ' માં કહ્યું: "અસલમાં હાઇઝાના કુરઆનને ના પઢવા વિષે કોઈ હદીસ નથી, અને અલ્લાહના સસૂલ ﷺ નો કોલ કે "કોઈ પણ હાઈઝા સ્ત્રી અને જુનૂબી વ્યક્તિ કુરઆન માંથી કઈ પણ ના પઢે" હદીષના આલિમો પાસે આ હદીષ ઝઇફ દરજ્જાની છે, અને સ્ત્રીઓને નબી ﷺ ના સમયે હૈઝ આવતું હતું જો તેમના પર કુરઆન પઢવું નમાઝની જેમ હરામ હોત તો નબી ﷺ તેને પોતાની ઉમ્મત માટે જરૂર વર્ણન કરી દેતા અને ઉમ્મહાતુલ્મુઅમીનીન આ વાતને જરૂર જાણતી હોત, અને આ વિષય એવો છે કે જેને સહાબાઓ લોકો સુધી પહોચાડતા, બસ જયારે કોઈએ પણ આ વિશે નબી ﷺ થી કોઈ પણ પ્રકારની મનાઈનો ઉલ્લેખ કર્યો નથી જેથી કુરઆનની તિલાવત હરામ કરવી યોગ્ય નથી એ જાણવા છતાય કે આપ ﷺ એ આ વાતથી રોક્યા નથી, નબી ﷺ ના સમયે હૈઝ વધુ હોવાના

કારણે પણ નબી ﷺ એ રોક્યા નથી તો જાણવા મળ્યું કે હૈઝવાળી સ્ત્રી માટે કુરઆન પઢવું હરામ નથી"

આલીમોના મતભેદ જાણ્યા પછી એવું કહી શકાય કે જરૂર વગર હૈઝવાળી સ્ત્રી કુરઆન ના પઢે, ઉદાહરણ તરીકે કોઈ હૈઝવાળી સ્ત્રી શિક્ષક છે અને તેણીને પોતાની વિધાર્થીનીઓને કંઇક પઢાવવાની જરૂર પડતી હોય અથવા પરીક્ષાના સમયે તેણી પોતાની વિધાર્થીનીઓની પરીક્ષા પઢીને લેતી હોય અથવા આના જેવા બીજા ઘણા કાર્યો.

બીજો આદેશ: રોઝો: હૈઝવાળી સ્ત્રી પર ફર્ઝ અને નફિલ રોઝા હરામ છે, અને તેણીએ રાખેલ રોઝો સહીહ પણ નહીં ગણાય, પરંતુ તેના પર ફર્ઝ રોઝાની કઝા કરવી વાજિબ છે, જેમકે આયશા રઝી. ની હદીષ ની છે કે: "જયારે અમને હૈઝ આવતું તો અમને રોઝા કઝા કરવાનો આદેશ આપવામાં આવતો જ્યારે નમાઝની કઝાનો આદેશ આપવામાં ન આવતો." (બુખારી મુસ્લિમ).

અને જો રોઝાની સ્થિતિમાં હૈઝ આવ્યું તો તેનું રોઝો નહીં ગણાય પછી ભલે તેને સૂર્યાસ્ત ના થોડાક સમય પેહલા આવ્યું હોય, જો તે ફર્ઝ રોઝો હોય તેણી પર તેની કઝા કરવી વાજિબ થઇ જશે.

અને રહી વાત એ કે સ્ત્રી સૂર્યાસ્ત પહેલા લોહીના પ્રસારણને વ્યક્ત કરે અને તેણીને હૈઝ સૂર્યાસ્ત પછી આવે તો તેને રોઝો પૂરો ગણાશે અને સત્ય વાત પ્રમાણે તેણીનો રોઝો બાતેલ નહીં થાય કારણકે લોહી તો અંદર છે જેનો કોઈ હુકમ નથી. અને આ એટલા માટે કે નબી ﷺને જયારે તે સ્ત્રી વિષે સવાલ કરવામાં આવ્યો કે તે સપનામાં તે વસ્તુ જુએ જે પુરુષ જુએ છે તો શું તેણી પર ગુસલ વાજિબ થશે? તો આપ ﷺ એ કહ્યું: **"હા જો તે ભીનાશ જુએ તો."** આપે ﷺ એ આદેશને વીર્ય નીકળવાની સાથે જોડ્યો ફક્ત વીર્ય ને વ્યક્ત કરવા પર નહીં, એવી જ રીતે હૈઝના આદેશો ત્યારે જ લાગુ પડશે જયારે તે બાહર નીકળે અને દેખાય.

અને જો કોઈ સ્ત્રીને સૂર્ય નીકળવાના સમયે હૈઝ આવતો રહે તો તે દિવસનો રોઝો યોગ્ય નહીં ગણાય. ભલે ને સૂર્યોદય પછી થોડાક સમય બાદ પાક થઇ જાય.

અને જો તે ફજર પહેલા પાક થઇ અને રોઝો રાખીલે તો તેણીનો રોઝો સહીહ ગણાશે પછી ભલે ને તે ફજર પછી ગુસલ કરે. તેણીનું ઉદાહરણ તે જુનૂબી વ્યક્તિ જેવું છે જે જનાબતની સ્થિતિમાં રોઝાની નિયત કરે છે અને ફજર પછી ગુસલ કરે છે તો તેનો રોઝો સહીહ ગણાશે; જેવું કે આયશા રાઝી.ની હદીષ છે, કહે છે: "નબી ﷺ જનાબતની સ્થિતિમાં સવાર કરતાઇ; વીર્યસ્ખલન વગર અને આપ ﷺ રમઝાનનો રોઝો રાખતા". (બુખારી મુસ્લિમ)

ત્રીજો આદેશ: બૈતુલ્લાહનો તવાફ કરવો: સ્ત્રી પર ફર્ઝ કે નફિલ બૈતુલ્લાહનો તવાફ કરવો હરામ છે, જો તે કરશે તો પણ તે યોગ્ય નહીં ગણાય, જેમ કે નબી ﷺ એ આયશા રઝી. ને કહ્યું: **"જેવી રીતના એક સામાન્ય હજ કરવાવાળો હજ કરે છે તું પણ કર, ફક્ત તવાફ છોડીને, જ્યાં સુધી પાક ના થઇ જાઓ."** અને રહ્યા અન્ય કાર્યો, જેમકે સફા અને મરવા પર્વત પર સઈ કરવી, મુઝ્દલિફા અને મિનામાં રોકાણ કરવું અને રાત પસાર કરવી, શૈતાનને પથ્થર મારવા અને આ સિવાય હજ અને ઉમરાહના બીજા કાર્યો હૈઝવાળી સ્ત્રી પર હરામ નથી. અને એવી જ રીતે જો કોઈ સ્ત્રી પહેલા બૈતુલ્લાહનો તવાફ કરે છે ત્યાર પછી તરત જ તે સઈ કરવા જાય છે તો તે વખતે જો તેણીને હૈઝ આવી જાય તો તેમાં કોઈ વાંધો નથી.

ચોથો આદેશ: તવાફે વિદાઅ: જયારે કોઈ સ્ત્રી હજ અને ઉમરાહના દરેક કાર્યો પૂર્ણ કરી પોતાના ઘર તરફ રવાના થવા લાગે અને તેણીને હૈઝ આવી જાય અને મક્કહ થી નીકળવા સુધી આવતું રહે તો તે સ્ત્રી તવાફે વિદાઅ વગર જઈ શકે છે, જેમ કે સય્યદના ઇબ્ને અબ્બાસ રઝી. ની હદીષ છે, તેમણે કહ્યું: "લોકોને આદેશ આપવામાં આવ્યો કે તેમનું છેલ્લું વચન બૈતુલ્લાહ સાથે હોવું જોઈએ, પરંતુ હૈઝવાળી સ્ત્રી માટે આમાં છૂટ છે" (બુખારી મુસ્લિમ) પરત ફરતી વખતે હૈઝવાળી સ્ત્રી પર મસ્જિદે હરામના દરવાજા પાસે આવી દુઆ કરવી યોગ્ય નથી; કારણકે અલ્લાહના નબી ﷺ દ્વારા આ વિષે કોઈ રિવાયત મળતી નથી, અને ઇબાદતોનો આધાર નબી ﷺ ના આદેશો પર રખવા મા આવ્યો છે, અને નબી ﷺ ના આદેશો આ વાતની વિરૂધ્ધ ની માંગ કરે છે, જેમ કે સફિય્યા રઝી. ના કિસ્સામાં જોવા મળે છે, કે જયારે તેમને તવાફે ઇફાઝહ પછી હૈઝ આવ્યું તો નબી ﷺ એ તેમને કહ્યું: **"હવે તેમને પોતાના ઘર તરફ રવાના થવું જોઈએ."** (બુખારી

મુસ્લિમ). આ હદીષમાં આપ ﷺ એ તેમને મસ્જિદે હરામના દરવાજા પાસે આવવાનો આદેશ ન આપ્યો અને જો આ સુન્નત તરીકો હોત તો આપ ﷺ તેમને જરૂર કહેતા. અને રહી વાત હજ અને ઉમરાહના તવાફની તે હૈઝથી પાક થયા પછી કરવો પડશે.

પાંચમો આદેશ: મસ્જિદમાં રોકાણ કરવું: હૈઝવાળી સ્ત્રી પર મસ્જિદમાં રોકાણ કરવું હરામ છે, એટલે સુધી કે ઈદગાહમાં પણ રોકાવવું હરામ છે, કારણકે ઉમ્મે અતિય્યા રઝી. ની હદીષ છે કે તેમણે નબી ﷺ ને કહેતા સાંભળ્યા કે: **"કુમારિકા, પરદાવાળી અને હૈઝવાળી સ્ત્રીઓ ઇદની નમાઝ માટે નીકળે"** અને તેમાં છે કે **"હૈઝવાળી સ્ત્રીઓ નમાઝથી અલગ રહે."** (બુખારી મુસ્લિમ.)

છઠો આદેશ: સમાગમ કરવું: પતિ પર હરામ છે કે તે આ સ્થિતિમાં પોતાની પત્ની સાથે સમાગમ કરે, એવી જ રીતે સ્ત્રી પર પણ હરામ છે તેણી આ સ્થિતિમાં પોતાના પતિને સમાગમ કરવાનો મોકો આપે, કારણકે અલ્લાહ તઆલા કહે છે: **"તેઓ તમને માસિક પિરીયડ બાબતે સવાલ કરે છે, કહી દો કે તે ગંદકી છે, માસિક પિરીયડની સ્થિતીમાં સ્ત્રીઓ (સાથે સંભોગ કરવા) થી જુદા રહો અને જ્યાં સુધી તેણીઓ પાક ન થઇ જાય તેણીઓની નજીક ન જાઓ"** [અલ્ બકરહ: ૨૨૨], અહીયાં "મહીઝ" નો અર્થ હૈઝનો સમય અને હૈઝની જગ્યા (એટકે કે ગુપ્તાંગ) છે, એવી જ રીતે નબી ﷺ એ કહ્યું: **"તેણીઓ સાથે (હૈઝની સ્તિથીમાં) સમાગમ (અર્થાત્ સંભોગ)સિવાય જે ઈચ્છો કરી શકો છો"** (મુસ્લિમ). એટલા માટે દરેક મુસલમાનો આ વાત પર એક મત છે કે હૈઝવાળી સ્ત્રીના ગુપ્તાંગમાં સંભોગ કરવો હરામ છે.

જે વ્યક્તિ અલ્લાહ અને આખિરતના દિવસ પર ઈમાન ધરાવતો હોય તેના માટે હલાલ નથી કે તે હલાલ ના હોય તેવા કાર્ય તરફ આગળ વધે કે જેના પર અલ્લાહ એ પોતાની કિતાબ અને નબી ﷺ એ પોતાની હદીષમાં રોક લગાવી છે, આ વાત પર દરેક મુસલમાનો એક મત છે અને જો કોઈ વ્યક્તિ આ કૃત્ય કરે તો તે એવા લોકો માંથી થઇ જશે કે જેઓએ અલ્લાહ અને તેના પયગંબર અને મુસલમાનોના એક મતનો વિરોધ્દ્ કર્યો. ઈમામ નવવી રહી. એ "શર્હુલ્ મુહઝ્ઝબ" ભાગ:૨ પેજ નંબર:૩૭૪ માં કહ્યું કે ઈમામ શાફઈ રહ. એ કહ્યું કે : "જે વ્યક્તિએ હૈઝની સ્થિતિમાં પોતાની પત્ની સાથે

સમાગમ કર્યું તો તેણે કબીરહ ગુનાહ (મોટો ગુનો) કર્યો" અમારા અન્ય બીજા અલિમોએ કહ્યું છે કે "જે વ્યક્તિ એ હૈઝ વાળી સ્ત્રી સાથે સમાગમ ને હલાલ સમજ્યું તો તેના પર કાફિર હોવાનો હુકમ લગાવવામાં આવશે."

અને સમાગમ સિવાય બીજા અન્ય કાર્યો કરવાની છૂટ આપવામાં આવી છે જે થી ઈચ્છાને પૂરી કરી શકે, જેમકે ચુંબન આપવો, આલિંગન કરવું, અને ગુપ્તાંગ સિવાય શરીરથી શરીર અડાડવું વગેરે જેવા કાર્યો (કરી શકે છે) પરંતુ આલિંગન કરતી વખતે, નાભિથી લઇ ઘૂંટણ સુધી કોઈ કપડું મૂકી દે તો સારું; આયશા રઝી.ની હદીષ છે કે: "નબી ﷺ મારી સાથે ભેગા થતા હતા અને હું હૈઝની સ્થિતિમાં હોતી" (બુખારી મુસ્લિમ)

સાતમો આદેશ: તલાક આપવો: પતિ પર હૈઝવાળી સ્ત્રીને હૈઝની સ્થિતિમાં તલાક આપવો હરામ છે, કારણકે અલ્લાહ તઆલા કહે છે: **"હે પયગંબર! જ્યારે તમે પોતાની પત્નીઓને તલાક આપો તો તેમની ઇદ્દત (માસિકનો સમયગાળો પુરો થયા પછી) માં તલાક આપો અને ઇદ્દતના સમયને યાદ રાખો"** (અત્ તલાક: ૧) અર્થાત્: એવી સ્થિતિમાં તલાક આપો કે તે તલાકની નક્કી કરેલ ઇદ્દત જાણી શકે, આ એવી સ્થિતિમાં થઇ શકે કે પતિ પોતાની ગર્ભવતી પત્નીને તલાક આપે અથવા તે તુહર (પાકી) માં તલાક આપે જેમાં તેણે સમાગમ ન કર્યું હોય; કારણકે જો તેણીને હૈઝની સ્થિતિમાં તલાક આપવામાં આવે તો તે ઇદ્દતની શરૂઆત નહીં કરી શકે એટલા માટે કે હૈઝ જેમાં તેણીને તલાક આપવામાં આવ્યો, તે તેણીની ઇદ્દત ગણવામાં નહીં આવે અને જયારે સમાગમ કર્યા પછી પાકીની સ્થિતિમાં તલાક આપવામાં આવે તો તે ઇદ્દત જેની તે શરૂઆત કરી રહી છે તે જાણી નહીં શકે; કારણકે તેણી ને ખબર નથી કે તેણી સમાગમ કરવાથી ગર્ભવતી થઇ છે, તો તેણીને પ્રસુતિ સુધી ઇદ્દત પસાર કરવી પડશે અથવા જો તે ગર્ભવતી નથી થઇ તો હૈઝની ઇદ્દત પસાર કરશે, જયારે ઇદ્દતના પ્રકાર વિષે સંપૂણ ભરોસો ના મળતું હોય જ્યાં સુધી તે બાબત સ્પષ્ટ ન થાય ત્યાં સુધી પતિ માટે તલાક આપવો હરામ છે. બસ હૈઝવાળી સ્ત્રીને હૈઝની સ્થિતિમાં ઉપર વર્ણવેલ આયતના કારણે તલાક આપવો હરામ છે, અને સહીહ બુખારી અને મુસ્લિમમાં અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર રઝી.ની હદીષ સાબિત છે કે: "અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર રઝી. એ પોતાની પત્નીને તલાક આપ્યો, અને તેમની પત્ની હૈઝની સ્થિતિમાં હતી, ઉમર ફારૂક રઝી. એ

આ વિષે નબી ﷺ ને જાણ કરી તો આ બાબત પર નબી ﷺ નારાજ થયા અને કહ્યું કે : **“તેને આદેશ આપો કે તે પોતાની પત્ની સાથે રૂજુ કરી લે અને પછી તેણીને ત્યાં સુધી રોકી રાખે જ્યાં સુધી તે પાક ના થઇ જાય, અને પછી હૈઝ આવે તેના પછી ફરી જયારે તેણી પાક થઇ જાય તો ઈચ્છે તો પોતાની પાસે રાખે અથવા સમાગમ કરતા પહેલા તલાક આપે, આ તે ઇદ્દત છે જેને ધ્યાનમાં રાખીને અલ્લાહ એ તલાક આપવાનો આદેશ આપ્યો છે."** જો કોઈ વ્યક્તિ પોતાની પત્નીને હૈઝની સ્થિતિમાં તલાક આપે તો તે ગુનેગાર થશે તેના પર જરૂરી છે તે અલ્લાહ સમક્ષ તૌબા કરે અને સ્ત્રીને પોતાની ઇઝ્ઝત તરફ પાછી લઇ લે અને તેણીને તે તલાક આપે જે શરીઅત મુજબ અને અલ્લાહ અને અલ્લાહના પયગંબર ﷺ ના આદેશ મુજબ હોય, અને તેણીને પોતાની ઇઝ્ઝત તરફ ત્યાં સુધી છોડી રાખે જ્યાં સુધી તેણી તે હૈઝથી પાક ના થઇ જાય, જેમાં તેણે તેણીને તલાક આપી છે, ફરી જો બીજી વાર તેને હૈઝ આવે અને તે પાક થાય, તો જો પતિ તેણીને પોતાની પાસે રાખવા ઈચ્છતો હોય તો પોતાની પાસે રાખી લે અને જો ઈચ્છે તો સમાગમ પહેલા તલાક આપી દે.

હૈઝની પરિસ્થિતિમાં તલાક આપવામાં ત્રણ બાબતોમાં તલાક આપવી હરામ નથી:

પહેલી પરિસ્થિતિ : લગ્ન પછી : એકાંતમાં ભેગા થયા પહેલા અથવા સમાગમ કરતા પહેલા હૈઝની સ્થિતિમાં તલાક આપી શકે છે; કારણકે તે સમયે તે સ્ત્રી પર કોઈ ઇદ્દત નથી તો તે સમયે આપેલ તલાક અલ્લાહના આદેશ વિરુદ્ધ નહીં હોય કારણકે અલ્લાહ તઆલા કહે છે: **"તલાક આપો અને ઇદ્દતના સમયને યાદ રાખો."** (અત્ તલાક: ૧)

બીજી પરિસ્થિતિ: ગર્ભવસ્થામાં હૈઝ ની હલત મા તલાક આપવું, આ વિષે વર્ણન થઇ ચુક્યું છે.

ત્રીજી પરિસ્થિતિ: વળતરના બદલામાં તલાક આપવો, જો કોઈ વળતરના બદલામાં, હૈઝની સ્થિતિમાં તલાક આપે તો કોઈ વાંધો નથી.

ઉદાહરણ તરીકે કોઈ પતિ-પત્ની વચ્ચે ઝગડો થાય અને તેના કારણે પત્ની સાથ રહેવા ના ઇચ્છતી હોય, તો પતિ કંઇક લઈ ને બદલામાં તલાક આપી શકે છે પછી ભલે ને તે સ્ત્રી હૈઝની સ્થિતિમાં હોય, જેવું કે ઇબ્ને અબ્બાસ

રઝી. ની હદીષ છે કે ષાબિત બિન કૈસ બિન શમ્માશની પત્ની નબી ﷺ પાસે આવી અને કહ્યું: 'અલ્લાહ ના પયગંબર! હું તેના દીન અને તેના અખલાક પર કોઈ વાંધો નથી ઉઠાવતી પરંતુ મને ઇસ્લામમાં કુફ્રનો ભય લાગે છે,' તો આપ ﷺ એ કહ્યું: **"જે બગીચો એમણે તમને આપ્યો છે તે તમે પાછો આપી શકો છો? "** તો તેમણે કહું: 'હા', તો આપ ﷺ એ કહ્યું: **"પોતાનો બગીચો અપનાવી લો અને એમને એક તલાક આપી દો"** (બુખારી) તો આ હદીષમાં આપ ﷺ એ એવું નથી પૂછ્યું કે તે હૈઝથી હતા કે નહીં, અને બીજું એ કે આ તલાક સ્ત્રી તરફથી વળતરના કારણે આપવામાં આવ્યો તો જરૂરતના સમયે જે સ્થિતિમાં હોય તલાક આપવો જાઈઝ છે. ઈમામ ઇબ્ને કુદામાહ રહ. એ "અલ્ મુગ્ની" ભાગ:૭, પેજ નંબર: પર માં હૈઝની સ્થિતિમાં તલાક આપવી જાઈઝ હોવાનું કારણ વર્ણન કરતા કહે છે: "કારણકે હૈઝની સ્થિતિમાં તલાક આપવાથી રોકવું તે તકલીફથી બચાવા માટે છે જે એક સ્ત્રીને એક લાંબા સમયની ઇદ્દતથી થાય છે, અને "ખુલઅ"(પત્ની પતી થી તલાક માંગે) આ તકલીફ દૂર કરવા માટે છે, જે એક સ્ત્રીને ખરાબ વ્યવહારના કારણે છે અને જેની સાથે તે રહે છે તેને તેણી નાપસંદ કરે છે અને તેને નફરત કરે છે. અને આ લાંબી ઇદ્દત પણ નુકસાન કારક છે, એટલા માટે જે તકલીફ વધારે હોય તેને નાની તકલીફ વડે દૂર કરવી જાઈઝ છે, એટલા માટે નબી ﷺ એ "ખુલઅ" લેવાવાળી સ્ત્રીની સ્થિતિ વિષે સવાલ ના કર્યો" ઇબ્ને કુદમહની વાર પૂરી થઇ.

અને રહી વાત એ કે હૈઝની સ્થિતિમાં સ્ત્રી સાથે લગ્ન કરવા તો તેમાં કઈ વાંધો નથી કારણકે આ તો હલાલ છે અને આપ ﷺ દ્વારા લગ્નથી રોકવા બાબતે કોઈ હદીષ મળતી નથી, પરંતુ હૈઝની સ્થિતિમાં પતિની સ્થિતિને જોવામાં આવશે કે જો તે સમાગમ કરવાથી બચી શકતો હોય તો કોઈ વાંધો નહીં અને જો તો બચી ના શકે તો તેને ત્યાં સુધી રોકી રાખવામાં આવશે જ્યાં સુધી તેણી પાક ના થઇ જાય, કારણકે તેનું એક હરામ કાર્ય માં સપડાવવા નું ડર છે.

આઠમો આદેશ: તલાકની ઈદ્દતની ગણતરી હૈઝ થી જોડાયેલી છે: જ્યારે કોઈ વ્યક્તિ પોતાની પત્ની સાથે સહીહ તરીકાથી એકાંતમાં ભેગો થાય અથવા તેની સાથે સમાગમ કરયા પછી તલાક આપે તો તેણી પર જરૂરી છે કે તે ત્રણ હૈઝ સુધી ઈદ્દત પસાર કરે, જો તેણીને હૈઝ આવતું હોય, અને

તે ગર્ભવતી ન હોય: **"તલાકવાળી સ્ત્રીઓ પોતાને ત્રણ માસિક પિરીયડ સુધી રોકી રાખે"** (અલ્ બકરહ: ૨૨૮), અર્થાત્ ત્રણ હૈઝ. અને જો તેણી ગર્ભવતી હોય તો તેની ઈદ્દત પ્રસુતિ સુધી છે ભલેને તે સમયગાળો લાંબો હોય કે ટૂંકો; અલ્લાહના આદેશ પ્રમાણે: **{અને ગર્ભવતી સ્ત્રીની ઇદ્દ્ત ગર્ભ છૂટી જવું છે.}** [અત્ તલાક: ૪], અને જો સ્ત્રી હૈઝ આવનારી સ્ત્રીઓ માંથી નથી જેમકે નાની છોકરી જેને હજુ હૈઝ આવવાનું શરૂ ના થયો હોય, અથવા તે સ્ત્રી જેને ઊમર વધુ હોવાના કારણે અથવા કોઈ ઓપરેશનના કારણે હૈઝ આવવાનું બંધ થઈ ગયું હોય, જેથી તેનું ગર્ભશય ખત્મ થઈ ગયું હોય, તો આ પ્રકારની સ્ત્રીઓની ઈદ્દત ત્રણ મહિના છે: **{તમારી સ્ત્રીઓ માંથી, જે સ્ત્રીઓ માસિકથી નિરાશ(આવવાની આશા રાખતી નથી) થઇ ગઇ છે, જો તમને (તેમની ઇદ્દત વિશે) કોઈ શંકા હોય તો તેમની ઇદ્દત ત્રણ મહીના છે અને તેમની પણ જેને માસિક આવવાનું શરૂ પણ ન થયો હોય)** (અત્ તલાક:૪) જો કોઈ સ્ત્રી હૈઝવાળી હોય અને તેણીને કોઈ જાણીતા કારણે હૈઝ બંધ થઈ ગયો હોય, જેમકે 'બીમારી' અને 'સ્તનપાન' છે તો આવી સ્ત્રી ઇદ્દતમાં બેસી રહેશે, પછી ભલેને તેણીની ઇદ્દત લાંબી થઇ જાય એટલા સુધી કે હૈઝ આવવા લાગે અને તે હૈઝ પ્રમાણે ઇદ્દત પસાર કરશે, અને જો કારણ પૂર્ણ થઈ ગયા બાદ પણ હૈઝ ન આવે એ પ્રમાણે કે સ્ત્રી બીમારીથી તન્દુરસ્ત થઇ જાય અને તેણીનો સ્તનપાનનો સમય પૂર્ણ થઇ જાય અને હજુ પણ જો હૈઝ ન આવ્યું હોય તો તે સ્ત્રી કારણ ખત્મ થઇ જવા બાદ સંપૂણ એક વર્ષ ઇદ્દત પસાર કરશે. અને આજ સાચો મંતવ્ય છે જે શરીઅતના કાયદા મુજબ છે, કારણકે જો કારણ ખત્મ થઇ જાય અને તેણીને હૈઝ આવવાનું શરુ ના થાય તો તેણી એ પ્રમાણે થઇ જશે કે જેણીનું હૈઝ કોઈ કારણ વગર બંધ થઇ ગયું છે તો તે સંપૂણ એક વર્ષ ઇદ્દત પસાર કરશે, નવ મહિના સાવચેતી રૂપે, ગર્ભના કારણે કેમકે ગર્ભ વધુ પ્રમાણે નવ મહિનાના હોય છે અને ત્રણ મહિના તેની ઈદ્દત માટે.

અને રહી વાત એ કે લગ્ન પછી, સમાગમ કર્યા પહેલા તલાક આપેલ હોય તો તેમાં સામાન્ય રૂપે કોઈ ઇદ્દત નથી, હૈઝના દિવસોની ન તો બીજી કોઈ. કારણકે અલ્લાહનો આદેશ છે: **{હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે ઈમાનવાળી સ્ત્રીઓ સાથે લગ્ન કરો, પછી જો હાથ લગાવતા પહેલા જ તલાક આપી દો, તો તેણીઓ માટે કોઇ ઇદ્દતનો સમય નથી, જેની તમે ગણતરી કરો}** [ અલ્ અહઝાબ: ૪૯].

નવમો આદેશ: ગર્ભાશયનું ગર્ભથી ખાલી કરાવુ અર્થાત્: ગર્ભાશયને ગર્ભથી ખાલી કરવું અને તેની જરૂરત તે સમયે થાય છે કે જયારે "ગર્ભાશયનું ગર્ભથી ખાલી કરવાના આદેશ" ની જરૂર પડે છે, તેના અમુક મુદ્દાઓ છે:

તેમાંથી એક એ છે કે: જયારે કોઈ વ્યક્તિ પોતાની પાછળ સ્ત્રી છોડીને મૃત્યુ પામે છે તો તે તેનું વારસદર ગર્ભ માં પડેલો બાળક હોય છે, અને જો સ્ત્રી (બીજા લગ્ન કરી) પતિવાળી થઇ જાય તો તે વ્યક્તિ ત્યાં સુધી તેની સાથે સમાગમ નહીં કરી શકે જ્યાં સુધી તેણીને હૈઝ ન આવી જાય. અથવા ગર્ભ ની ખબર ના પડી જાય, કારણ કે ગર્ભ હશે તો બાળક મૃત્ય પામેલ પિતા નું વારસદાર હશે, અને જો હૈઝ આવી જાય તો વારસદાર નહી બને.

દસમો આદેશ: ગુસલ વાજીબ થવું: હૈઝવાળી સ્ત્રી માટે જરૂરી છે કે તે જયારે હૈઝથી પાક થાય તો સંપૂણ શરીરની તહારત માટે ગુસલ કરે,જેમ કે જયારે અલ્લાહના રસૂલ ﷺ એ ફાતિમા બિન્તે અબી હુબૈશ ને કહ્યું: **"જયારે હૈઝ આવે તો નમાઝ છોડી દો અને જયારે હૈઝનો સમય પૂરો થઇ જાય તો ગુસલ કરી નમાઝ પઢો"** (બુખારી) ગુસલમાં ઓછા માં ઓછી  જે વસ્તુ વાજિબ છે તે એ કે સ્ત્રી પોતાનું સંપૂણ શરીર એટલા સુધી કે બાલોની નીચેના ભાગને પણ ધુએ, અને ગુસલ માટે સૌથી ઉત્તમ રીત એ છે જે આપ ﷺ ની હદીષ થી સાબિત છે : "જયારે આપ ﷺ સમક્ષ અસ્મા બિન્તે શકલ રઝી. એ હૈઝના ગુસલ વિષે સવાલ કર્યો તો આપ ﷺ એ કહ્યું: **“તમારા માંથી કોઈ પાણી અને બોરના ઝાડના પાંદડા લે અને તેનાથી પાકી મેળવે, અને સારી રીતે પાકી મેળવે, ફરી માથા ઉપર પાણી નાખે અને સારી રીતે માથા પર માલિશ કરે અહીં સુધી કે પોતાના માથાની જળ સુધી પાણી પહોંચાડે ફરી કસ્તૂરીની સુગંધમાં પલાળેલું રૂ લે અને તેના દ્વારા સાફ કરી લે”** જયારે અસ્મા રઝી. એ કહ્યું: કે રૂ વડે કેવી સફાઈ કરવી? તો આપ ﷺ એ કહ્યું: “**સુબ્હાનલ્લાહ**” તો આયશા રાઝી. એ કહ્યું: “જ્યાં લોહી લાગેલું હોય ત્યાં તે રૂ મૂકી દો”. [મુસ્લીમ]. અને માથાના વાળ ખોલવા વાજિબ નથી સિવાય કે તે વાળ સખત બાંધેલ હોય અને એવો ભય હોય કે પાણી અંદર સુધી નહીં જાય; સહીહ મુસ્લિમ માં ઉમ્મે સલમા રઝી. ની હદીષ છે,  તેમણે નબી ﷺ ને સવાલ કર્યો, તેમણે કહ્યું: હું મારા માથાના વાળ ખૂબ જ સખત બાંધુ છું, શું હું જનાબત ના ગુસલ માટે તેને ખોલું? અને એક રિવાયત મુજબ હૈઝ અને જનાબત ના કારણે?

તો આપ ﷺ એ કહ્યું: **"ના, તમારા માટે એટલું પુરતું છે કે તમે તમારા માથા માં ત્રણ ચૂલ્લું ભરી પાણી નાખો ફરી પોતાના શરીર પર પાણી નાખો અને પાકી મેળવો"**

અને જયારે કોઈ સ્ત્રી કોઈ નમાઝના સમય દરમિયાન હૈઝથી પાક થાય તો તેના માટે વહેલું ગુસલ કરવું વાજિબ છે, જેથી તે સમય પર નમાઝ પઢી શકે, અને જો તેણી સફરમાં હોય અથવા તેની પાસે પાણી ન હોય અને જો તેની પાસે પાણી હોય પરંતુ તે પાણીના ઉપયોગથી ભયભીત હોય અથવા તેણી બીમાર હોય તે ગુસલના બદલામાં તયમ્મુમ કરે અહીં સુધી આ કારણો પુરા ન થઇ જાય, ફરી તે ગુસલ કરે.

અમુક સ્ત્રીઓ નમાઝના સમય દરમિયાન હૈઝથી પાક થાય છે અને તે થોડાક સમય માટે ગુસલ કરવું ટાળવે દે છે અને કહે છે કે આ સમયે મારા માટે સંપૂણ તહારત મેળવવી અશક્ય છે, તો આ વાત ઠીક નથી અને તેણીના માટે જરૂરી છે કે તે ગુસલ ના કમસેકમ વાજિબ કાર્યો કરે, અને સમયસર નમાઝ અદા કરે અને જયારે તેને સંપૂણ સમય મળે તો તે પુરેપુરી તહારત મેળવી લે.

*

# પાંચમો ભાગ: ઇસ્તિહાઝા અને તેના આદેશો

ઇસ્તિહાઝા: તે લોહીને કહે છે જે સ્ત્રીને એવી રીતે આવવા લાગે જે બંધ જ ન થાય અથવા  મહિનામાં કયારેક (એક-બે દિવસ) બંદ થાય.

પહેલી સ્થિતિની દલીલ (જે સ્થિતિમાં સ્ત્રીને ક્યારેય લોહી બંધ ન થતું હોય) આયશા રઝી. દ્વારા સહીહ બુખારીમાં સાબિત છે, આયશા રાઝી. કહે છે: "ફાતિમા બિન્તે અબી હુબૈશ રઝી. એ નબી ﷺ ને  કહ્યું: હે અલ્લાહના પયગંબર ! હું પાક નથી થતી, અને બીજી રિવાયતમાં છે કે મને ઇસ્તિહાઝાનું લોહી આવે છે અને હું પાક નથી થતી."

બીજી સ્થિતિની દલીલ (જેમાં થોડા સમય માટે લોહી બંધ થઇ જાય છે) હમના બિન્તે જહશની હદીષ છે, જયારે કે તે આપ ﷺ પાસે આવી અને કહ્યું: "હે અલ્લાહના પયગંબર ! મને ઇસ્તિહાઝાનું લોહી વધુ પ્રમાણ માં આવે છે." (આ હદીષને ઈમામ અહમદ, ઈમામ અબૂ દાવૂદ, ઈમામ તિર્મિઝી રહ. એ રિવાયત કરી છે અને ઈમામ તિર્મિઝી રહ. એ સહીહ કહી છે અને તેમણે આ હદીષની પુષ્ટિ ઈમામ અહમદ અને ઈમામ બુખારી રહ. થી રિવાયત કરી છે)

ઇસ્તિહાઝાની સ્થિતિઓ:

મુસ્તહાઝા (જે સ્ત્રીને ઇસ્તિહાઝાનું લોહી આવતું હોય) તેની ત્રણ સ્થિતિઓ છે:

પહેલી સ્થિતિ: તે સ્ત્રી જેને ઇસ્તિહાઝા પહેલા પોતાના હૈઝની સંપૂણ જાણ હોય, આ સ્થિતિ માં સ્ત્રી પોતાની જાણકારી મુજબ હૈઝના સમયગાળા તરફ પાછી ફરશે અને તેના માટે હૈઝ ના આદેશો લાગુ પડશે અને આ મુદ્દત પછી આવતું લોહી ઇસ્તિહાઝા નું હશે અને તેના માટે ઇસ્તિહાઝા ના આદેશો લાગુ પડશે.

ઉદાહરણ તરીકે એક સ્ત્રી જેને દર મહિનામાં પહેલાના છ દિવસોમાં હૈઝ આવે છે, ફરી તેને ઇસ્તિહાઝાનું લોહી આવવા લાગ્યું અને તે લોહી સળંગ આવતું રહે છે તો દર મહિનાના પહેલાના છો દિવસો તેણીના હૈઝના હશે અને બીજા દિવસો ઇસ્તિહાઝા ના હશે, આયશા રઝી. ની હદીષ મુજબ કે ફાતિમા બિન્તે અબી હુબૈશ રઝી. એ કહ્યું: હે અલ્લાહના પયગંબર ! મને ઇસ્તિહાઝાનું લોહી આવે છે અને હું પાક પણ નથી થતી તો શું હું નમાઝ છોડી દઉં?તો આપ ﷺ એ કહ્યું: **"ના આ એક અલગ રગ છે, પરંતુ જેટલા દિવસોમાં તમને હૈઝ આવતું હતુ તે દિવસો જેટલી મુદ્દત માટે નમાઝ છોડી દો અને ફરી ગુસલ કરી નમાઝ પઢો."** બુખારી, અને સહીહ મુસ્લિમ માં છે કે નબી ﷺ એ ફાતિમા બિન્તે જહશ રઝી. ને કહ્યું: **"એટલા દિવસ થોભી જાઓ જેટલા દિવસ તમને તમારું હૈઝ રોકી રાખે છે પછી ગુસલ કરી નમાઝ પઢો".** આ હદીષ મુજબ એવી ઇસ્તિહાઝા વાળી સ્ત્રી જેને પોતાના હૈઝના દિવસો ખબર

હોય તો તે પોતાના હૈઝના દિવસોની રાહ જોશે, ફરી તે ગુસલ કરશે અને નમાઝ પઢશે અને તે સમયે તે ઈસ્તિહાઝાના લોહી ની ચિંતા નહીં કરે.

બીજી સ્થિતિ: સ્ત્રીને ઇસ્તિહાઝા પહેલા હૈઝની જાણ ન હોય, તે એવી રીતે કે સ્ત્રીએ (પહેલી વખત) જ્યારથી પણ લોહી જોઇ છે ત્યારથી તેને સળંગ લોહી આવ્યા જ કરે છે તો આવી સ્ત્રી (લોહીને) પારખીને અમલ કરશે, જો તેણીનું લોહી કાળા રંગનું અથવા ઘાટું અથવા દુગંધિત હોય તો તેના માટે હૈઝના આદેશો લાગુ પડશે અને જો આ સિવાયનું લોહી હશે તો ઇસ્તિહાઝાના આદેશો લાગું પડશે.

ઉદાહરણ તરીકે કોઈ સ્ત્રી  પહેલી વાર લોહી જોયું અને તે લોહી સળંગ આવતું રહે, પરંતુ દસ દિવસ કાળા રંગનું લોહી જુએ અને મહિનાના બીજા દિવસોમાં અલગ લોહી જુએ અથવા દસ દિવસ ઘાટું લોહી જુએ અને બીજા દિવસો માં પાતળું લોહી જુએ અથવા દસ દિવસ લોહીની સાથે હૈઝની દુર્ગંધ પણ આવે છે અને મહિનાના બીજા દિવસોમાં દુર્ગંધ નથી આવતી તો પહેલા ઉદાહરણમાં  કાળા રંગનું અને બીજા ઉદાહરણમાં ઘાટું અને ત્રીજા ઉદાહરણમાં દુર્ગંધીત લોહી હૈઝનું લોહી છે અને તે સિવાયનું જે લોહી છે તે ઇસ્તિહાઝાનું લોહી છે; જેવું કે નબી ﷺ એ ફાતિમા બિન્તે અબી હુબૈશને કહ્યું: **"જો હૈઝનું હશે તો તે કાળું હશે જેથી તમે તે લોહીના સમયે નમાઝથી થોભી જાઓ અને તે સિવાયનું બીજું લોહી જુઓ તો તમે વઝૂ કરી નમાઝ પઢો કેમને તે એક રગ માંથી નીકળતું લોહી છે"**. [ આ હદીષને ઇમામ અબૂ દાવૂદ, ઈમામ નસાઈ રહ. એ રિવાયત કરી છે અને ઈમામ ઈબ્ને હિબ્બાન અને ઈમામ હાકિમ રહ. એ સહીહ કહી છે]. આ હદીષ જેની સનદ અને મતન શંકાસ્પદ છે પરંતુ આલીમોએ આ હદીષ પર અમલ કર્યો છે અને આ હદીષ  સ્ત્રીઓની  આદત તરફ ફરવા કરતાં વધુ સારી છે.

ત્રીજી સ્થિતિ: સ્ત્રીને ન તો હૈઝની જાણ હોય ન તો તેણી લોહીને પારખી શક્તિ હોય, એ રીતના કે તેણીને ઇસ્તિહાઝાનું લોહી આવતું હોય અને તે લોહી એક અથવા અલગ અલગ પ્રકારનું હોય અને એ શક્ય જ ન હોય કે તે હૈઝ હશે, તો તે સ્ત્રી બીજી  સ્ત્રીઓની આદત મુજબ અમલ કરશે અને તેણીનું હૈઝ મહિનાની શરૂઆતમાં છ કે સાત દિવસ હશે અને આ સમયની શરૂઆત જ્યારથી તે લોહી જુએ ત્યારથી થશે, અને તે સિવાયના

દિવસોમાં આવતું લોહી ઇસ્તિહાઝાનું હશે. ઉદાહરણ તરીકે સ્ત્રી મહિનાના પાંચમાં દિવસની શરૂઆતમાં લોહી જુએ છે અને તે સળંગ આવતું રહે છે કોઈ એવી સમજ વગર કે જેનાથી સમજી શકાય કે તે હૈઝ છે, ના તો રંગ જોઈ, ના તો રંગ સિવાય બીજી કોઈ વસ્તુ જોઈ, તો તેણીનું હૈઝ મહિનાના છ કે સાત દિવસે હશે તે દર મહિને પાંચમાં દિવસે શરૂ કરશે; જેમકે હમના બિન્તે જહશ રઝી. ની હદીષ છે, તે કહે છે: હે અલ્લાહના પયગંબર ! મને સતત વધુ પ્રમાણમાં ઇસ્તિહાઝાનું લોહી આવે છે, આપ ﷺ આ વિષે શું કહો છો? ખરેખર મને ઇસ્તિહાઝાના લોહી એ નમાઝ અને રોઝા થી રોકી રાખ્યા છે: તો આપ ﷺ એ કહ્યું: "**હું તમને "કુર્સીફ" (રૂનો ટુકડો) મુકવાનો તરીકો બતાવું છું જેનાથી લોહી જતું રહેશે", તો તેમણે કહ્યું કે (આ લોહી તો) તેના કરતા પણ વધુ છે. અને તે જ હદીષમાં આપ ﷺ એ કહ્યું : "આ તો શૈતાને મરેલી લાત માંથી એક છે, જેથી છ અથવા સાત દિવસ હૈઝના પસાર કરો (જે અલ્લાહના ઈલ્મ માં છે) પછી ગુસલ કરો એટલે સુધી કે તમે જુઓ કે તમે હૈઝથી પાક થઇ ગયા છો અને તો ચોવીસ અથવા ત્રેવીસ દિવસ (દિવસ અને રાત્રે) નમાઝ પઢો અને રોઝા રાખો"** હદીષ પૂર્ણ... (આ હદીષને ઈમામ અહમદ, ઈમામ અબૂ દાવૂદ અને ઈમામ તિર્મિઝી રહ. એ રિવાયત કરી છે અને તેમણે આ હદીષ ને સહીહ હોવાની પુષ્ટિ ઈમામ અહમદ અને ઈમામ બુખારી રહ. થી નકલ કરી છે). આપ ﷺ નો આદેશ કે: "**છ કે સાત દિવસ**" એ વિકલ્પ માટે નથી પરંતુ ઇજતેહાદ માટે છે, અર્થાત્: તે સ્ત્રી અન્ય સ્ત્રીઓને જોશે જે તેની સ્થિતિ થી નજીક હોય, (જેમ કે) તેવીઓ ખિલકત (રચના,બનાવટ), ઉંમર અને સંબંધની દ્રષ્ટિએ આ સ્ત્રી ની નજીક હોય, અને તે પણ જોશે કે તેનું લોહી હૈઝ ની વધારે નજીક છે (અથવા બીજા કોઇ ની) એવીજ રીતે અન્ય "વિચારણાઓ" ધ્યાનમાં લેશે. તેથી, જો છ દિવસ વધુ યોગ્ય હોય, તો તે હઝ છ દિવસ લેશે. અને જો સાત દિવસ વધુ યોગ્ય છે, તો સાત દિવસ લેશે.

મુસ્તહાઝા જેવી સ્થિતિ ધરાવતી સ્ત્રી:

ક્યારેક સ્ત્રીને એવું કોઈ કારણ આવી જાય છે જે તેણીના ગુપ્તાંગ માંથી લોહી આવવાનું કારણ બની જાય છે, જેમકે ગર્ભાશયનું ઓપરેશન અથવા તેના જેવું બીજું કોઈ કારણ, તેના બે પ્રકાર છે:

પહેલો પ્રકાર: ઓપરેશન પછી હૈઝ આવવું શક્ય ન હોય, ઉદાહરણ તરીકે ઓપરેશનમાં (ગર્ભાશય) સંપૂણ રીતે કાપી નાખી હોય અથવા નસ બંધ

કરી દેવા માં આવી હોય જેનાથી લોહી આવી ના શકે, તો આવી સ્ત્રી માટે ઇસ્તિહાઝાના આદેશો લાગુ નહીં પડે તેનો આદેશ એવી સ્ત્રી જેવો છે જે "પાકી" પછી પીળો રંગ અથવા માટી જેવો રંગ અથવા ભીનાશ જોતી હોય, તો આવી સ્ત્રી નમાઝ અને રોઝા નહીં છોડશે, અને તેણી સાથે સમાગમ કરવું પણ હરામ નથી અને લોહીને સાફ કરવું વાજિબ નથી; પરંતુ નમાઝના સમયે તેણી પર વાજિબ છે કે તો પોતાના ગુપ્તાંગ પરથી લોહી સાફ કરે અને તેના પર પટ્ટી વગેરે બાંધે જેથી લોહી આવતું બંધ થઇ જાય, ફરી તે નમાઝ માટે વઝૂ કરશે અને જયારે નમાઝનો સમય થશે ત્યારે વઝૂ કરશે જેમકે પાંચ ફર્ઝ નમાઝો છે અથવા તો જયારે પણ નમાઝ પઢવાની ઈચ્છા કરશે ત્યારે વઝૂ કરશે જેમકે સામાન્ય નફિલ નમાઝ પઢવી હોય.

બીજો પ્રકાર: ઓપરેશન પછી હૈઝનું થોભી જવાની ખબર ના હોય, પરંતુ શક્ય હોય કે તેને હૈઝ આવે, તો આ પ્રકારની સ્ત્રીનો હુકમ તે જ હશે જે ઇસ્તિહાઝા વાળી સ્ત્રીનો હશે, અને આપ ﷺ નો વર્ણવેલ આદેશ (જે આપ ﷺ એ હમના બિન્તે અબી હુબૈશ રાઝી. ને કહ્યું: **“આ એક રગ (માંથી નીકળતું લોહી) છે હૈઝ નથી, જયારે તમને હૈઝ આવી જાય તો નમાઝ પઢવાનું છોડી દો”**. તો આપ ﷺ નો આદેશ “જયારે તમને હૈઝ આવી જાય તો” આ વાત નું ફાયદો આપે છે, કે મુસ્તહાઝા નું હુકમ તે સ્ત્રીઓ માટે છે જેના માટે હૈઝ આવવું અને થોભી જવું શક્ય હોય, અને જે સ્ત્રીને હૈઝ આવવું શક્ય ન હોય તેના માટે દરેક સ્થિતિમાં આવતું લોહી રગનું લોહી હશે.(અર્થાત્: ઇસ્તિહાઝા નું)

ઇસ્તિહાઝાના આદેશો:

ઉપરોક્ત ચર્ચા દ્વારા આપણે જાણી લીધું કે ક્યારે લોહી હૈઝનું હોય છે અને ક્યારે ઇસ્તિહાઝાનું હોય છે, તો જયારે તેને આવતું લોહી હૈઝનું હશે તો તેના માટે હૈઝના આદેશો લાગુ પડશે અને જયારે ઇસ્તિહાઝાનું હશે તો ઇસ્તિહાઝા ના આદેશો લાગુ પડશે.

હૈઝના મહત્વ ના આદેશો પાછળ વર્ણન થઇ ચુક્યા છે.

રહ્યા ઇસ્તિહાઝાના આદેશો તો ઇસ્તિહાઝાના આદેશો "તુહર" (પાકી) ના આદેશો જેવા છે, ઇસ્તિહાઝા વાળી સ્ત્રી અને પાક સ્ત્રી બંને સમાન છે ફક્ત અમુક નીચે વર્ણવેલ આદેશો સિવાય બીજો કોઈ ફર્ક નથી:

પહેલો આદેશ: દરેક નમાઝ માટે વઝૂ કરવું, જેમકે નબી ﷺ એ ફાતિમા બિન્તે અબી હુબૈશ રાઝી, ને કહ્યું: **"ફરી દરેક નમાઝ માટે વઝૂ કરો."** આ હદીષને ઈમામ બુખારી રહ. એ "બાબુ ગુસલિદ્ દમ" માં રિવાયત કરી છે, જેનો અર્થ એ છે કે સ્ત્રી એવી નમાઝ જેનો સમય નક્કી છે, જયારે તે સમય આવે ત્યારે જ વઝૂ કરશે. અને જે નમાઝનો સમય નક્કી નથી તો તે જયારે નમાઝ પઢવાની ઈચ્છા કરશે ત્યારે વઝૂ કરશે.

બીજો આદેશ: સ્ત્રી જયારે વઝૂ કરવાનો ઈરાદો કરશે ત્યારે તો લોહીના દાગ સાફ કરેશે અને પોતાના ગુપ્તાંગ પર રૂની પટ્ટી બાંધશે; જેમકે નબી ﷺ એ હમના બિન્તે જહશ રઝી. ને કહ્યું: **"હું તમને રૂની પટ્ટી મુકવાની રીત બતાવું છું જેનાથી લોહીના દાગ જતા રહેશે."** તે તેમણે કહ્યું કે (લોહી) તો તેના કરતા પણ વધુ છે, તો આપ ﷺ એ કહ્યું: **"તો કપડું મૂકી દો"** તો તમણે કહ્યું કે તે તો તેના કરતા પણ વધુ છે, તો આપ ﷺ એ કહ્યું: **"તો તમે લંગોટી મજબૂતીથી બાંધી દો"** (હદીષ) લંગોટી બાંધ્યા પછી આવતું લોહી નુકસાન કારક નહીં હોય જેમકે આપ ﷺ એ ફાતિમા બિન્તે જહશને કહ્યું: **"પોતાના હૈઝના દિવસોમાં નમાઝથી રુકી જાઓ, ફરી ગુસલ કરો અને દરેક નમાઝ માટે વઝૂ કરો, ફરી નમાઝ પઢો, પછી ભલેને લોહીના ટીપા ચટાઈ પર જ કેમ ના પડતા હોય"** (હદીષને ઈમામ અહમદ અને ઈમામ ઇબ્ને માજહ રહ. એ રિવાયત કરી છે.)

ત્રીજો આદેશ: સમાગમ: પતિ ને જયારે પોતાની પત્ની સાથે સમાગમ ન કરવાથી પોતે દુષ્કર્મમાં સપડાઈ જવાનો ભય હોય તો તે સમાગમ કરવા બાબતે આલિમો વચ્ચે મતભેદ જોવા મળે છે, સત્ય વાત એ છે સમાગમ કરવું સામાન્ય રીતે જાઈઝ છે, કારણકે આપ ﷺ ના સમયે ઘણી સ્ત્રીઓને (અંદાજા મુજબ દસ કે તેથી વધુ) ઇસ્તિહાઝાની બીમારી હતી, પરંતુ અલ્લાહ અને અલ્લાહના પયગંબર ﷺ એ તેમની સાથે સમાગમ કરવાથી રોક્યા નથી, અલ્લાહ તઆલા એ કહ્યું: **{હૈઝની સ્થિતિમાં સ્ત્રીઓથી અલગ રહો}** [ અલ્ બકરહ: ૨૨૨] આ વાત પર દલીલ છે કે હૈઝના દિવસો સિવાય

સ્ત્રીથી અલગ રહેવું વાજીબ નથી, બીજી વાત એ કે જયારે ઇસ્તિહાઝાની સ્થિતિમાં નમાઝ પઢવી જાઈઝ છે તો સમાગમ કરવું તો તેના કરતા વધુ શક્ય છે અને ઇસ્તિહાઝા વાળી સ્ત્રીની હૈઝવાળી સ્ત્રીના સમાગમ સાથે સરખામણી કરવી સહીહ નથી, કારણકે (ઇસ્તિહાઝા વાળી સ્ત્રી અને હૈઝવાળી સ્ત્રી) સમાન નથી, એટલા સુધી કે જે લોકો હરામ કહે છે તેમની પાસે પણ બંને માં સમાનતા નથી. આ કિયાસ કરવો સહીહ નથી.

*

# છઠો ભાગ: નિફાસ અને તેનો હુકમ

નિફાસ: જે ગર્ભાશય માંથી પ્રસુતિના કારણે; અથવા તો પ્રસુતિ સમયે અથવા પ્રસુતિ પછી અથવા બે કે ત્રણ દિવસો પહેલા દુખાવા સાથે આવતા લોહી ને કહે છે.

શૈખુલ્ ઇસ્લામ ઈમામ ઇબ્ને તૈમિય્યા રહ. એ કહ્યું કે: "જયારે સ્ત્રીને પ્રસુતિનો દુખાવો થવા લાગે ત્યારે જે લોહી જુએ તે નિફાસનું લોહી છે." શૈખુલ્ ઇસ્લામ ઈમામ ઇબ્ને તૈમિય્યા રહ. એ બે કે ત્રણ દિવસ ની કૈદ નથી લગાવી, અને દુખાવા નો અર્થ શૈખુલ્ ઇસ્લામ ઈમામ ઇબ્ને તૈમિય્યા રહ. પાસે એ છે જે પ્રસુતિ પછી થાય છે, નહીં તો તે લોહી નિફાસનું નહીં ગણાય. આલિમો એ નિફાસના ઓછા કે વધુ દિવસોમાં મતભેદ કર્યો છે. શૈખ તકીઉદ્દીન રહ. એ પોતાની પત્રિકા " અલ્ અસ્મા ઉલ્ લતી અલ્લકશ્ શારિઉ અલ- અહકમુ બિહા" ના પેજ નંબર: ૩૭ માં કહ્યું: "નિફાસના ઓછા કે વધુ દિવસોની કોઈ હદ નક્કી નથી, જો અંદાજો કરવામાં આવે કે સ્ત્રી ચાલીસ, સાહિઠ કે સિત્તેર દિવસ કે તેથી વધુ લોહી જોયું અને પછી ખત્મ થઇ ગયું તો તે નિફાસનું લોહી હશે, પરંતુ જો તે લોહી તેણીને આવતું રહ્યું તો સ્ત્રીનો નિફાસનો સમય ચાલીસ દિવસ હશે કારણકે ચાલીસ દિવસ સામાન્ય રીતે છેલ્લી હદ છે જેના વિષે નબી ﷺ ની હદીષો પણ વર્ણન થઇ છે."

હું કહું છું: આ કારણે જો કોઈ સ્ત્રીનું લોહી કોઈ કારણે ચાલીસ દીવસ કરતા વધુ થઇ જાય, તો જો કે ચાલીસ દિવસ પછી લોહી આવવું તે સ્ત્રીની આદત છે, અથવા તે લોહી બંધ થવાની નિશાનીઓ દેખાઈ જાય; તો તે લોહી બંધ

થવાની રાહ જોશે નહીં તો ચાલીસ દિવસ પુરા થવા પર ગુસલ કરી લે કારણકે વધુ પ્રમાણમાં આવું જ થાય છે, જો તેણીનો (નિફાસ બાદ) હૈઝનો સમય આવી જાય તો તે હૈઝ ખતમ થાવની રાહ જુએ, જયારે તેણીનું લોહી બંધ થઇ જાય અને તે એવું હોય જેવી તેની આદત હોય તો તે ભવિષ્યમાં આ મુજબ અમલ કરશે. અને જો (સમયગાળા બાદ પણ) લોહી આવતું જ રહે તો તે લોહીને ઇસ્તિહાઝાનું લોહી માનશે અને પાછળ વર્ણવેલ ઇસ્તિહાઝાના આદેશો તેણી પર લાગુ પડશે, અને જો ચાલીસ દિવસ પહેલા લોહી આવવાનું બંધ થઇ જાય તો તે ગુસલ કરશે અને નમાઝ પઢશે અને તેણીનો પતિ તેણી સાથે સમાગમ કરી શકે છે, સિવાય એ કે તે (લોહી) નું બંધ થવું એક દિવસ થી ઓછુ હોય તો તેના પર કોઈ હુકમ લાગુ નહીં પડે, આજ વાત ઈમામ ઇબ્ને કુદામાહ રહ. એ "અલ્ મુગ્ની" માં કહી છે.

નિફાસ પ્રસુતિ પછી સાબિત થશે જેમાં માનવીની રચના પણ સ્પષ્ટ હોય, જો સ્ત્રી કોઈ નબળી રચના વાળા (અપૂર્ણ) બાળકને જન્મ આપે તો તેણીને આવતું લોહી નિફાસનું લોહી નહીં હોય , પરંતુ તે એક રગ માંથી નીકળતું લોહી હશે, તે સ્ત્રી ઇસ્તિહાઝા ના આદેશો મુજબ અમલ કરશે, સૌથી ઓછો સમય જેમાં માનવીની રચના દૃશ્યમાન બને છે તે એસી (૮૦) દિવસ છે અને વધારા માં વધારે સમય નેવું (૯૦) દિવસ છે. (અર્થાત્ ત્રણ મહિના)

શૈખ મજદ ઇબ્ને તૈમિય્યા રહ. એ કહ્યું: જો સ્ત્રી પ્રસુતિ પહેલા દુખાવા સાથે લોહી જુએ છે તો તેની ચિંતા નહીં કરે અને પ્રસુતિ પછી નમાઝ અને રોઝાથી થોભી જશે, પછી જો ગર્ભપાત કર્યા પછી બાબત દેખીતી અવસ્થાની વિરુધ્ધમાં નીકળે, તો સ્ત્રી રુજુ કરશે(છૂટેલી નમાઝ અને રોઝા પુરા કરશે) અને જો દેખીતી સ્થિતિની સામે બાબત જાહેર ન થાય તો ઝહીર નો જ હુકમ લાગૂ રહેશે અને તેનાં પર કોઈ પુનરાવર્તન કરવાની જરૂરત નહીં. આ વાત શર્હુલ-ઇકના માં મજદ ઇબ્ને તૈમિયા થી નકલ કરવા માં આવ્યો છે.

નિફાસના આદેશો:

નિફાસના પણ તે જ આદેશો છે જે હૈઝના આદેશો છે સિવાય એ જે નીચે મુજબ છે:

પહેલો આદેશ: ઇદ્દતની ગણતરી તલાક મુજબ થશે નિફાસ પ્રમાણે નહીં; કારણકે જો તલાક પ્રસુતિ પહેલા આપી હશે તો ઇદ્દત પ્રસુતિ સાથે પૂરી થઇ જશે, નિફાસનો સમય પસાર કરવાની જરૂર નથી અને જો તલાક પ્રસુતિ પછી હોય તો તે સ્ત્રી હૈઝ આવતા સુધી રાહ જોશે, જેમકે પહેલા વર્ણન થઇ ગયું.

બીજો આદેશ: ઈલાની મુદ્દતમાં હૈઝના દિવસો ગણાય છે, નિફાસના નહીં:

"ઈલા" નો અર્થ: પતિ પોતાની પત્ની સાથે હંમેશા માટે સમાગમ ના કરવાની કસમ ખાઈ લે, અથવા એવી મુદ્દત જે ચાર મહિના કરતા વધુ હોય , જયારે તે કસમ ખાય છે અને સ્ત્રી તેની સાથે સમાગમ કરવાનું કહે છે તો તેની કસમનો સમયગાળો ચાર મહિના ફિક્સ કરવામાં આવશે અને જયારે ચાર મહિના પુરા થઇ જાય તો પતિને સમાગમ કરવા અથવા તલાક આપવા પર મજબૂર કરવામાં આવશે, અને જે તે સમયમાં સ્ત્રીને નિફાસનું લોહી આવી જાય તો આ સમય(ચાર મહિના મા) નહીં ગણાય અને ચાર મહિના પર નિફાસની મુદ્દત જેટલી મુદ્દત વધારવામાં આવશે, હૈઝ વિરુદ્ધ, અને તેનો સમયગાળો (પતિ પર)ગણવામાં આવશે.

ત્રીજો આદેશ: તરુણાવસ્થા: તરુણાવસ્થા હૈઝ દ્વારા પ્રાપ્ત થાય છે, નિફાસ દ્વારા નહીં, કારણ કે સ્ત્રી માટે વિર્ય સ્ખલન વિના ગર્ભવતી થવું અશક્ય છે, ગર્ભાવસ્થા માટે તરુણાવસ્થા; એજ વીર્ય સ્ખલન દ્વારા પ્રાપ્ત થાય છે.

ચોથો આદેશ: હૈઝ અને નિફાસ વચ્ચેનો તફાવત: જયારે હૈઝનું લોહી આવવાનું બંધ થઈ જાય ફરી તેણીની આદત પ્રમાણે પાછું આવવા લાગે તો તે લોહી ચોક્કસ હૈઝનું લોહી હશે, ઉદાહરણ તરીકે કોઈ સ્ત્રીને આઠ દિવસ હૈઝ આવે છે, ચાર દિવસ તેને લોહી આવ્યું પછી બે દિવસ બંધ થઈ જાય, ફરી પાછું સાતમા અને આઠમાં દિવસે આવવા લાગે છે, તો તે લોહી હૈઝનું લોહી હશે અને તેના પર હૈઝના આદેશો લાગુ પડશે. અને રહી વાત નિફાસના લોહીની તો જ્યારે નિફાસનું લોહી ચાલીસ દિવસ પહેલા બંધ થઈ ગયું, અને ફરી ચાલીસ દિવસ દરમિયાન ફરી લોહી આવવા લાગ્યું તો

તે શંકાસ્પદ છે, જેથી સ્ત્રી પર વાજિબ છે કે તે નમાઝ પઢે અને ફર્ઝ રોઝા રાખે જેનો સમય નક્કી છે, અને ફર્ઝ કાર્યો સિવાય બધા કામ કરવા તે સ્ત્રી પર હરામ છે જેવી રીતના કે હૈઝવાળી સ્ત્રી પર હરામ છે, અને તે દિવસોમાં જે તેણીએ છોડ્યું છે તેની પાક થયા પછી કઝા કરશે, જેવી રીતે હૈઝવાળી સ્ત્રી પર કઝા કરવું જરૂરી છે.

જો કે સાચી વાત એ છે કે જો સ્ત્રીને લોહી એવા સમયે આવે જેમાં નિફાસનું લોહી આવવું શક્ય હોય તો તે નિફાસનું લોહી હશે, નહિ તો હૈઝ નું લોહી હશે, અને જો સ્ત્રીને તે લોહી આવતું રહે છે, તો તે ઇસ્તિહાઝાનું લોહી હશે.

આ તે વાતની નજીક છે જે ઈમામ ઇબ્ને કુદામાહ રહ. એ "અલ્ મુગ્ની" માં ઈમામ માલિક રહ. થી વર્ણન કર્યો છે, તેઓ કહે છે કે ઈમામ માલિક રહ. એ કહ્યું: "જો સ્ત્રી લોહી (નિફાસ) બંધ થયા પછી અથવા ત્રીજા દિવસ પછી ફરી વાર લોહી જુએ તો તે નિફાસનું લોહી છે નહીં તો હૈઝનું છે." આજ વાત શૈખુલ્ ઇસ્લામ ઈમામ ઇબ્ને તૈમિય્યા રહ. એ પસંદ કરી છે. હકીકતમાં તો લોહીમાં કોઈ શંકાસ્પદ વસ્તુ નથી પરંતુ લોકોએ પોતાની સમજ મુજબ વિરોધ્ધ કર્યો છે, જો કે કુરઆન અને હદીષ દરેક વસ્તુ સ્પષ્ટ કરી દીધો છે, અલ્લાહ તઆલા એ કોઈ પર વાજિબ નથી કર્યું કે તે બે વખત રોઝા રાખે કે બે વખત તવાફ કરે, સિવાય કે તે રોઝામાં કોઈ ભૂલ કરે જેને પૂરું કરવું કઝા સિવાય શક્ય ન હોય, રહી વાત એ કે જે માનવી પોતાની તાકાત પ્રમાણે કરે છે તો ત્યાં તેની જવાબદારી પૂરી થઇ જાય છે, જેમકે અલ્લાહ તઆલા એ કહ્યું: **{અલ્લાહ કોઈ વ્યક્તિને તેની શક્તિ કરતા વધારે તકલીફ નથી આપતો}** [ અલ્ બકરહ: ૨૮૬], અલ્લાહ એ કહ્યું:**{જ્યાં સુધી તમારાથી શક્ય હોય ત્યાં સુધી અલ્લાહ થી ડરતા રહો}**.[અત્ તગાબુન: ૧૬].

પાંચમો આદેશ: હૈઝ અને નિફાસ વચ્ચે ફરક(સમાગમ): હૈઝમાં જયારે સ્ત્રી પોતાની આદત પહેલા પાક થઇ જાય તો તેણીના પતિ માટે કોઈ પણ સંકોચ વગર સમાગમ કરવું જાઈઝ છે, નિફાસમાં જયારે સ્ત્રી ચાલીસ દિવસ પહેલા પાક થઇ જાય તો પ્રસિધ્ધ મંતવ્ય પ્રમાણે તેણીના પતિ માટે સમાગમ કરવું મકરૂહ છે, પરંતુ સત્ય વાત એ છે કે તે સ્ત્રી સાથે સમાગમ કરવું જાઈઝ છે, અને જુમહૂર આલિમોનો પણ આ જ મંતવ્ય છે કારણકે કરાહત એક શરઈ આદેશ છે જેના માટે દલીલ જરૂરી છે, અને આ બાબતે

કોઈ શરઈ દલીલ નથી સિવાય એ કે જે વાત ઈમામ અહમદ રહ. એ ઉષમાન બિન અબીલ્ આસની પત્ની વિષે વર્ણન કરી કે તેમની પત્ની ચાલીસ દિવસ પહેલા તેમની પાસે આવી તો તેમણે કહ્યું: (મારી નજીક ન આવીશ). અને આ વાત કરાહત ને લાઝીમ નથી કરતી કારણકે અમુક પતિને એ ભય હોય છે કે હજુ તેને પાક થવા પર યકીન નથી, અથવા સમાગમના કારણે લોહી આવવા લાગશે, આ સિવાય પણ બીજા અન્ય કારણો હોય શકે છે, (અલ્લાહ વધુ જાણે છે).

*

# સાતમો ભાગ: દવાઓ દ્વારા હૈઝ રોકવા અથવા લાવવા અને દવાઓ દ્વારા ગર્ભધારણ કરવા અથવા ગર્ભપાત કરવાનું વર્ણન

સ્ત્રી હૈઝને રોકવાવાળી વસ્તુઓનો ઉપયોગ બે શર્તે કરી શકે છે:

પહેલી શર્ત: સ્ત્રી માટે તે દવા હાનિકારક ન હોય અને તેના વપરાશ પર કોઇ તકલીફનો ભય ન હોવું જોઇએ, જો તેને વાપરવાથી કોઈ તકલીફ થતી હોય તો તેને વાપરવું જાઈઝ નથી; અલ્લાહ એ કહ્યું: **{અને પોતાને પોતાના હાથે જ બરબાદ ન કરો}** [ અલ્ બહરહ: ૧૯૫], **{પોતાને કતલ ન કરો, નિ:શંક અલ્લાહ તઆલા તમારા પર અત્યંત કૃપાળુ છે}** [અન્ નિસા: ૨૯].

બીજી શર્ત: હૈઝને રોકવું પતિની પરવાનગી થી હોય: જો તે રોકવું પતિ થી જોડાયેલું હોય, ઉદાહરણ તરીકે તે સ્ત્રી પતિ પાસે એવી ઈદ્દતમાં છે જેમાં તેણીનો ખર્ચ પતિની જવાબદારીમાં છે, તો સ્ત્રી આવી દવાઓનો ઉપયોગ કરે છે જેનાથી તેની ઈદ્દતનો સમય વધી જાય છે અને પતિ પર ખર્ચ વધી જાય છે, તો તે સમયે સ્ત્રી માટે પોતાના પતિની પરવાનગી વગર કોઈ પણ પ્રકારની દવાઓનો ઉપયોગ કરવો જાઈઝ નથી જે હૈઝને રોકતી હોય, એવી જ રીતે જો એવું સાબિત થઈ જાય કે હૈઝને રોકવાથી ગર્ભધારણ નહીં થાય તો આવી સ્થિતિમાં પતિની પરવાનગી જરૂરી છે, અને જો દવાઓ વાપરવી જાઇઝ બની જાય તો પણ જરૂરત વગર દવાઓ ના

વાપરવી જોઈએ, કારણકે ફિતરતને તેની મૂળ સ્થિતિમાં રાખવી ઈલાજ કરતા વધુ સારી છે.

અને રહી એ વસ્તુઓ જે વાપરવાથી હૈઝ આવવા લાગે, તો તે બે શર્તો સાથે વાપરી શકાય છે:

પહેલી શરત: કે સ્ત્રી દવાનો ઉપયોગ કરી ફર્ઝ કાર્ય કરવા પર બહાનું ન કરે: ઉદાહરણ તરીકે કે સ્ત્રી રમઝાન મહિનાની નજીક દવાનો ઉપયોગ કરે જેથી તે રમઝાનના રોઝા ના રખવા પડે અથવા તો દવાના ઉપયોગ થી નમાઝ ના પડે, અને આ સિવાય બીજા અન્ય કાર્યો.

બીજી શર્ત: હૈઝ લાવવું પોતાના પતિની પરવાનગી સાથે હોય: કારણકે હૈઝ પતિને સંપૂર્ણ ફાયદો ઉઠાવવાથી રોકે છે, એટલે એવી વસ્તુઓનો ઉપયોગ પતિની પરવાનગી વગર કરવો જાઇઝ નથી, જે તેના હકને રોકતી હોય, અને જો સ્ત્રીને તલાક આપવામાં આવ્યો હોય તો હૈઝ જલ્દી લાવવાનો ફાયદો એ છે પતિ માટે પોતાની પત્ની ને પાછા ફેરવા નું હક જલ્દી ખત્મ થઇ જાયે (જો તે હક ધરાવતો હોય).

અને રહી વાત એ કે તે વસ્તુઓનો ઉપયોગ કરવો જે ગર્ભને રોકતી હોય તો તેના બે પ્રકાર છે:

પહેલો પ્રકાર: ગર્ભને હંમેશા માટે રોકી દેવું જાઇઝ નથી: કારણકે તેનાથી ગર્ભ ખત્મ થઈ જાય છે અને વંશાવેલો ઓછો થઈ જાય છે અને આ કાર્ય અલ્લાહ અને તેના નબી ﷺ ના મકસદ વિરુદ્ધ છે અને બીજી વાત એ કે જો હાજર રહેલા સંતાન મૃત્યુ પામી જાય તો તેણી એવી કામઝોર અને લાચાર બની જાય કે તેની કોઈ સંતાન પણ ન રહે.

બીજું પ્રકાર: ગર્ભને એક મર્યાદિત સમય માટે રોકવા માં આવે, ઉદાહરણ તરીકે સ્ત્રી જલ્દી ગર્ભધારી  લેતી હોય અને ગર્ભ તેને તકલીફ આપતું હોય, તો સ્ત્રી એવું ઇચ્છે કે બે વર્ષમાં તેનું ગર્ભ નિયમિત  થઈ જાય, આ સિવાયના બીજા કારણો, તો આવું કરવું પોતાના પતિની પરવાનગી સાથે જાઇઝ છે અને આવું કરવાથી તેને કોઈ તકલીફ ન થાય, આ વાત ની દલીલ એ છે કે સહાબાઓ નબી ﷺ ના પવિત્ર સમયે "અઝલ" કરતા હતા કે જેથી તેમની પત્નીઓ ગર્ભવતી ન થાય, તો આવું કરવાથી તેમને રોકવામાં આવ્યા

નહીં. અઝલ: જ્યારે પતિ પોતાની પત્ની સાથે સમાગમ કરતો હોય તો વીર્યસ્ખલનના સમયે પોતાના ગુપ્તાંગને પત્નીના ગુપ્તાંગ માંથી બહાર કાઢી વીર્યસ્ખલન કરે.

અને રહી વાત એ કે એવી વસ્તુઓનો ઉપયોગ કરવો જેનાથી ગર્ભપાત (Abortion) થાય તો તેના બે પ્રકાર છે:

પહેલો પ્રકાર: ગર્ભ નષ્ટ કરવાની ઈચ્છા થી ગર્ભપાત: રૂહ ફૂંકી દીધા પછી કરવામાં આવે તો નિ:શંક આવું કરવું હરામ છે, કારણકે આ એક જીવનો ના હક કતલ કરવા બરાબર છે, અને એક જીવ ને ના હક કતલ કરવું કુરઆન, હદીષ અને મુસલમાનોમાં ઈજમાઅ (સર્વસંમતિ) થી હરામ છે, અને જો આ કાર્ય રૂહ ફૂંક્યા પહેલા હોય તો આવું કરવા વિષે આલિમો વચ્ચે મતભેદ જોવા મળે છે, અમુક આલિમો કહે છે કે કરી શકાય અને અમુક આલિમો આમ કરવાથી રોકે છે, અને અમુક કહે છે કે જો "અલકા:લોહીનો જામેલો ટુકડો" ન હોય તો જાઈઝ છે, અર્થાત્: તે ગર્ભ પર ચાલીસ દિવસ પસાર ન થયા હોય, અને અમુક બીજા કહે છે: જો તે ગર્ભમાં માનવીની રચના જાહેર ન થઇ હોય તો જાઈઝ છે.

અને સાવચેતી એ છે કે વગર કોઈ કારણે ગર્ભપાત કરવું જાઈઝ નથી, જેમકે સ્ત્રીમને એવી બીમારી હોય કે તે ગર્ભને સહન નથી કરી શક્તિ વગેરે, તો આ સમયે ગર્ભપાત કરવું જાઈઝ છે, હા જો આ ગર્ભ પર એટલો સમય પસાર થઇ ગયો હોય જેમાં માનવીની રચના જાહેર થઇ ગઈ હોય તો ગર્ભપાત કરવું જાઈઝ નથી, (અલ્લાહ વધુ જાણેછે).

બીજો પ્રકાર: ગર્ભપાત નું હેતું ગર્ભને નષ્ટ કરવું ન હોય: તે એ રીતે કે ગર્ભનો સમય પૂરો થવા અને પ્રસુતિની નજીક હોવાના કારણે ગર્ભપાત કરવાનો પ્રયાસ કરવો, આવું કરવું જાઈઝ છે એ શરતે કે આવું કરવાથી માં અને બાળકને કોઈ નુકસાન ન પહોંચે અને ઓપરેશન પણ કરવાની જરૂર ન પડે, જો ઓપરેશન કરવાની જરૂર પડે છે તો આવું કરવાના ચાર સ્થિતિઓ છે:

પહેલી સ્થિતિ: પહેલી સ્થિતિ કે માં અને બાળક બંને જીવિત હોય તો કારણ વગર ઓપરેશન કરવું જાઈઝ નથી, એ એવી રીતે કે સ્ત્રી માટે પ્રસવ

કરવું કઠીન થઇ જાય અને ઓપરેશનની જરૂર પડી જાય, તે એટલા માટે કે શરીર માનવી પાસે એક અમાનત છે જેમાં કોઈ મોટા કારણ વગર ફેરફાર નથી કરી શકતો, અને (ઓપરેશન એટલા માટે પણ જાઈઝ નથી) ક્યારેક માનવી એવું માનવા લાગે છે ઓપરેશનમાં નુકસાન નહીં થાય પરંતુ તેમા નુકસાન થઇ જાય છે.

બીજી સ્થિતિ: માં અને બાળક બંને મૃતક છે તો તે સમયે બાળકને બહાર કાઢવા માટે ઓપરેશન કરવું જાઈઝ નથી કારણકે તેનો કોઈ ફાયદો નથી.

ત્રીજી સ્થિતિ: માં જીવતી હોય અને બાળક મુત્યુ પામી ગયું હોય તો તે સમયે બાળકને બહાર કાઢવા માટે ઓપરેશન કરવું જાઈઝ છે, (જો ઓપરેશન નહીં કરીએ તો) માં ને કોઈ નુકસાન પહોંચી શકે છે, કારણકે જોવા મળ્યું છે કે મૃત બાળકને બહાર કાઢવું ઓપરેશન વગર શક્ય નથી તો તે ગર્ભનું સ્ત્રીના પેટમાં રહેવું ભવિષ્યમાં સ્ત્રીને ગર્ભવતી બનવાથી રોકી શકે છે અને સ્ત્રીને તકલીફ થશે, અને ક્યારેક તો તે પતિ વગર રહી શકે છે, જયારે તે પહેલા પતિની ઇદ્દતમાં હોય.

ચોથી સ્થિતિ: મા મૃત્યુ પામી ચુકી હોય પરંતુ બાળક જીવતું હોય, જો બાળકનું જીવન શક્ય ન હોય તો ઓપરેશન કરવું જાઈઝ નથી.

જો બાળકના જીવતા રહેવાની ઉમ્મીદ હોય અને બાળકનો અડધો ભાગ બહાર આવી ગયો તો બીજો ભાગ નીકાળવા માટે માંનું પેટ કાપવામાં આવશે, જો બાળકનો અડધો ભાગ પણ બહાર નીકળ્યો ન હોય તો આપણા આલીમો કહે છે કે: ગર્ભને બહાર કાઢવા માટે માં ના પેટનું ઓપરેશન નહીં કરવામાં આવે કારણ કે આ "મુષલા" છે, અને સત્ય વાત એ છે કે જો ઓપરેશન વગર ગર્ભ બહાર કાઢવું શક્ય ન હોય તો ઓપરેશન કરવામાં આવશે. આ જ વાત ઇબ્ને હુબૈરાએ પસંદ કરી છે અને અલ્લામા મરદવીએ "અલ્ ઇન્સાફ" માં લખ્યું છે કે: એજ વાત શ્રેષ્ટ છે.

હું કહું છું કે વર્તમાન સમયમાં શ્રેષ્ઠ એ છે કારણ કે ઓપરેશનનો ભાગ "મુષલા" નથી, કેમકે પેટનું ઓપરેશન કર્યા પછી ફરી તેને સીવી દેવામાં આવે છે અને એટલા માટે પણ જીવિત વ્યક્તિની મહાનતા મૃતક વ્યક્તિ

કરતા વધુ છે અને એટલા માટે એક નિર્દોષની જાન બચાવવી વાજિબ છે અને ગર્ભ એક નિર્દોષ છે જેને બચાવવું વાજિબ છે. અલ્લાહ વધુ જાણે છે.

નોધ: ઉપર વર્ણવેલ સ્થિતિઓ જેમાં ગર્ભપાત કરવું જાઈઝ છે, તેમાં પતિની પરવાનગી હોવી જરૂરી છે.

અહિયાં સુધી અમારી વાત પૂરી થઈ જેમાં એક મહત્વ પૂર્ણ વિષય પર અમે લખવાની ઈચ્છા કરી હતી. અમે માત્ર સમસ્યાઓના સિદ્ધાંતો અને નિયમો જ વર્ણન કર્યા છે, અન્યથા આ સમસ્યાઓ ની શાખાઓ અને વિગતો અને આ સંબંધમાં મહિલાઓ ને જે સમસ્યાઓ નો સામનો કરવો પડે છે તે અનંત સાગર સમાન છે. પરંતુ શાણા અને સમજદાર માણસ પાસે શાખાઓ ને સિદ્ધાંતો તરફ, અને વિગતોને મૂળભૂત નિયમો અને કાયદાઓ તરફ ફેરવા ની શક્તિ હોય છે, અને સામાન્ય વસ્તુઓની તુલના કરી શકે છે.

અને એક મુફતી (ફતવો આપનાર) ને ખબર હોવી જોઈએ કે તેઓ અલ્લાહ અને તેના સર્જન વચ્ચે પયગંબરોની સાચી દાવત વર્ણન કરવા અને સમજાવવા માટે એક સ્ત્રોત છે, જે કંઈ પણ કુરઆન અને હદીષમાં છે તે વિષે તે જવાબદાર છે, કારણકે કુરઆન અને હદીષ, આ બંને એવા શરીઅતના સ્ત્રોત છે જેને સમજવું અને તેના પર અમલ કરવું બંદા માટે જરૂરી છે, અને તે દરેક વસ્તુઓ જે કુરઆન અને હદીષ વિરુદ્ધ હોય તે ખોટી છે, તેને કહેવા વાળા તરફ પાછી ફેરવી વાજિબ છે, જોકે તે (મુફતી) ખોટો હોય શકે છે, પરંતુ તેને તેની મહેનતનો અજર જરૂર મળશે; પરંતુ બીજો વ્યક્તિ જે તે ખોટી વાત જાણે છે તેના માટે તેનો ફતવો સ્વીકાર કરવો જાઈઝ નથી.

મુફતી માટે જરૂરી છે કે તે અલ્લાહની પ્રસનતા પ્રાપ્ત કરવા માટે, પોતાની નિયતને નિખાલસ કરે અને દરેક આવી રહેલ સ્થિતિઓમાં અલ્લાહ પાસે મદદ માંગે અને તેની સત્યતા માટે અને તેના પર સાબિત રહવા માટે અલ્લાહ પાસે તૌફીક માંગતો રહે.

અને મુફતી માટે વાજિબ છે તે દરેક મસઅલાને જોવાની જગ્યા, કુરઆન અને હદીષને રાખે, અને તે કુરઆન અને હદીષમાં જ સમાધાન શોધે,

અથવા તો તે કિતાબની મદદ લે જેમાં આલિમો એ  કુરઆન અને હદીષ મુજબ દરેક વાતો  નું વર્ણન કર્યું છે.

અને ઘણીવાર કોઈ મસઅલો આવી જાય છે, તો માનવી આલિમોની મંતવ્યો માં તે મસઅલાનો હલ શોધે છે, ફરી તેના વિષે તેને કોઈ એવી દલીલ નથી મળતી જે તેને સંતુષ્ટિ આપી શકે, અમુક વાર તો તે સમસ્યાઓ વિષે કોઈ એક ઉલ્લેખ પણ નથી મળતો, પરંતુ તે કુરઆન અને હદીષ તરફ પાછો ફરે છે તો તેને તે સમસ્યાનો હલ મળતો  નજીક નજીક દેખાય છે, અને આવું તે તેના ઇખ્લાસ, ઇલમ, અને સમજણ પર નિર્ભર છે.

એવી જ રીતે મુફ્તી પર વાજિબ છે કે જો તે કોઈ સમસ્યા બાબતે શંકામાં હોય તો તે તેનો હલ બતાવવા માટે થોડો વિલંભ કરે અને ઉતાવળ ના કરે, કેટલાક એવા આદેશો હોય છે જેમાં ફતવો આપનાર ઉતાવળ કરે છે, અને ફરી જે તે બાબતે ચિંતન મનન કરે છે તો તેને ખબર પડે છે તેણે જવાબ આપવામાં ભૂલ કરી છે, ફરી તે અફસોસ કરે છે,ઘણીવાર એવું પણ થાય છે કે તેણે જે બાબતે જવાબ આપવામાં ભૂલ કરી હોય છે તેનો સુધારો કરવાની તેની પાસે શક્તિ હોતી નથી !.

અને જયારે લોકો મુફતી માં, સત્યની શોધ, ધીરજ, વિનમ્રતા જેવા ગુણો જોવે છે તે તની વાત પર ભરોસો કરે છે અને તેની વાત માન્ય રાખે છે, અને જયારે લોકો મુફતી ને ઉતાવળ કરનાર, વધારે ભૂલો કરનાર જુએ છે તો જેના વિષે તે ફતવો આપે છે તેના પર ભરોસો કરતા નથી જેથી ફતવો આપનાર પોતાની ઉતાવળ અને ભૂલના કારણે પોતાને અને લોકોને પણ પોતાન ઈલ્મ અને સત્યતાથી વંચિત કરી દે છે.

અમે અલ્લાહ પાસે સવાલ કરીએ છીએ કે તે અમને અને અમારા મુસલમાન ભાઈઓને સત્ય માર્ગ પર લઇ આવે, અને પોતાની ખાસ કૃપા વડે પોતાની જવાબદારી હેઠળ લઇ લે, અને અમને પોતાની કૃપા વડે ગુનાહો કરવાથી બચાવીને રાખે, ખરેખર તે ખૂબ જ આપનાર , મહાનતમ છે, અને દરૂદ અને સલામતી, આપણા નબી ﷺ, તેમની સંતાન અને દરેક સહાબાઓ પર થાય , અને દરેક પ્રકારના વખાણ તે અલ્લાહ માટે જ છે જેની કૃપા વડે આ નેક કામ પૂર્ણ થયું.

આ પત્રિકા પૂર્ણ થઇ

અલ્લાહના ફકીર બંદા દ્વારા

મુહમ્મદ બિન સાલેહ અલ્-ઉષૈમીન

ચાશ્તના સમયે (સવારે શુક્રવારના દિવસે,)

૧૪ શાબાન ૧૩૯૨ હિજરી સન

*

| | |
|---|---|
| **સ્ત્રીઓના આવતાં પ્રાકૃતિક લોહી વિષે પુસ્તિકા** | 5 |
| **પહેલો ભાગ** : **હૈઝનો** અર્થ **અને તેની હિકમત**. | 5 |
| **બીજો ભાગ**: **હૈઝ નો સમય અને તેની મુદ્દત**. | 6 |
| (**હૈઝ ની ઉંમર**) | 6 |
| **ત્રીજો ભાગ**: **હૈઝ દરમિયાન ઊભી થતી અવ્યવસ્થાઓ** | 12 |
| **ચોથો ભાગ**: **હૈઝના આદેશો** | 16 |
| **પાંચમો ભાગ**: **ઇસ્તિહાઝા અને તેના આદેશો** | 27 |
| **છઠો ભાગ**: **નિફાસ અને તેનો હુકમ** | 33 |
| **સાતમો ભાગ**: **દવાઓ દ્વારા હૈઝ રોકવા અથવા લાવવા અને દવાઓ દ્વારા ગર્ભધારણ કરવા અથવા ગર્ભપાત કરવાનું વર્ણન** | 37 |